# જૂનાગઢ જિલ્લાના ICDS ઘટક ભેંસાણના આંગણવાડીમાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપીને તેનો સર્વાંગી વિકાસનું લક્ષ્ય



(રેનિશ મહેતા દ્વારા)
ભેસાણ તા.૧૦

મહિલા અને બાળ વિકાસ યોજના વિભાગ દ્વારા ગુજરાતના બાળકોને આંગણવાડી કેન્દ્રોમાં વિનામૂલ્યે પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. જેમાં પા પા પગલી પ્રોજેકટ અંતર્ગત પ્રારંભિક બાળ સંભાળ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ ૨૦૧૬ પ્રમાણે જૂનાગઢ જિલ્લાના પ્રોગ્રામ ઓફિસર તેમજ **ICDS (Integrated Child Development Services)** ભેંસાણ ઘટકના **CDPO**ના જણાવ્યા અનુસાર ભેસાણ ઘટકના છેવાડાના ગામડાઓ તેમજ ૩ થી ૬ વર્ષના બાળકોના સર્વાંગી વિકાસ અને બાળકોની જ્ઞાનેન્દ્રિયના વિકાસને વેગ મળી રહે તે હેતાર્થે વિકાસલક્ષી વાર્ષિક આયોજનથી પ્રિ સ્કૂલ ઈન્સ્ટ્રકટર જોષી નિતીનભાઈની ઉત્તમ તાલીમ પ્રણાલીના કારણે તેમજ કાર્યકર બહેનોના ઉત્તમ સંયુક્ત પ્રયાસોથી બાળકોને જૂથ પ્રવૃત્તિ કરાવી ચિટક કામ, છાપકામ, રંગ પૂર્ણિ, છાપકામ, બાળ અભિનય, ગીતો, વાર્તાઓ, પર્યાવરણ શિક્ષણ, પ્રવાસ, ભારતીય તહેવારોની ઉજવણી, રાષ્ટ્રીય કાર્યક્રમો, સર્જનાત્મ પ્રવૃત્તિ, બાળગીતો તેમજ સ્માર્ટ ટીવી પ્રવૃત્તિ, રમકડાઓ, પ્રવૃત્તિ પુસ્તિકાઓ, બાળકોના જન્મદિવસની ઉજવણી કરી પ્રોત્સાહિત ઈનામ આપી બાળકોની સુષુપ્ત શક્તિઓ બહાર લાવી પ્રોત્સાહિત કરવામાં આવે છે. કેન્દ્રમાં કરેલ પ્રવૃતિઓ, ઉંમરે આંગણવાડી એપિસોડ, ડીજીટલ લિંક બાળકોના માતા પિતાને વોટ્સપ ગ્રુપના માધ્યમથી મોકલવામાં આવે છે. સુંદર પ્રવૃત્તિના કારણે બાળકો પણ ઉમળકાથી ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે અને આનંદથી સલામતીના વાતાવરણમાં જીવન પરિવર્તનનું કારણ બની રહ્યા છે. સાથે સાથે બાળકોની આંગણવાડીમાં સતત હાજરીમાં વધારો થતા બાળકોના માતા પિતાના પણ ખુશ છે જે ખુશીની વાત છે. તેમજ બાલવાટિકા વર્ગ અને શાળા પ્રવેશ પહેલા બાળકોને પૂર્ણ રીતે તૈયાર કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે આંગણવાડીમાં થીમેટીક અભ્યાસક્રમથી બાળકોની સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય અને તેમના સર્વાંગી વિકાસને વેગ મળી રહે તે જરૂરી છે તેમજ બે સમયનો પોષ્ટિક નાસ્તો અને આરોગ્ય તપાસથી બાળકના સ્વાસ્થ્યમા સુધારો કરવામાં આવી રહ્યો છે.

# માણાવદર તાલુકાનાં ખડીયા, જીંજરી, થાનિયાણા ગામો બેટમાં ફેરવાયા



(ગીરીશ પટેલ દ્વારા)
માણાવદર તા. ૧૦

માણાવદર પંથકમાં ખડીયા, જીંજરી, થાનિયાણા, ચુડવા વગેરે ગામોમાં આભ ફાટયું હોય તેમ ૧૦ ઈંચ જેટલો ભારે વરસાદ પડી ગયો છે. એક બાજુ અનરાધાર વરસાદ અને ઉપરથી પાટણવાવ બાજુના વરસાદનાં પુરે ઘુઘવી નદી ભયજનક રીતે વહી રહી છે જેના પાણીથી જીંજરી ગામમાં પાણી ઘુસી જતા નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થતાં લોકોને સ્થળાંતર કરી ગ્રામજનોને સલામત સ્થળે ખસેડાયા હતા તેમ હરસુખભાઈ ગરાળાએ જણાવ્યું હતું તો ખડીયા ગામે ૨ કલાકમાં ૧૦ ઈંચ વરસાદથી ખડીયા ગામ પણ બેટમાં ફેરવાયું હતું. જયારે ચુડવા ગામે પણ અતિભારે વરસાદ અને ઘુઘલી નદી ગાંડીતુર થતાં પાણી ફરી વળ્યા હતા જેથી રસ્તો બંધ છે. આમ ગ્રામ્ય વિસ્તારો જળબંબાકાર થતાં નુકશાની થઈ હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. આ અંગે માણાવદર કંટ્રોલ રૂમમાં કોઈ જાણકારી નહોતી કન્ટ્રોલ રૂમમાં ભાદર-૨ ડેમના ૪ દરવાજા દોઢ ફૂટ ખોલતા ચીખલોદ્રા, વેકરી, વાડસડા ગામોને ભાદર નદીમાંન જવા ચેતવણી અપાઈ છે. દરમ્યાન શહેરમાં રસાલા ડેમ બે કાંઠે ઓવરફલો થયો છે

# માંગરોળમાં બે કલાકમાં અઢી ઈંચ વરસાદથી સર્વત્ર પાણી પાણી



(પ્રતિનિધિ દ્વારા)
માંગરોળ તા.૧૦

માંગરોળ પંથકમાં બે દિવસથી સમયાંતરે મુસળાધાર વરસાદ વરસી રહ્યો છે. અહી દરરોજ સરેરાશ બે ઈંચ જેટલો વરસાદ પડી રહ્યો છે. રવિવારે બપોરના બાર વાગ્યાથી બે વાગ્યા વાગ્યા સુધીમાં અઢી ઈંચ ઈંચ) વરસાદ પડતા સર્વત્ર પાણી પાણી જોવા મળ્યા હતા. ભારે વરસાદને કારણે રોડ રસ્તાઓ ઉપર પાણીના ઘોડાપુર વહેવા લાગ્યા હતા. આ સાથે માંગરોળ પંથકમાં મૌસમનો કૂલ ૫૯૦ મીમી (૨૩ ઈંચ) વરસાદ નોંધાયો છે. આ આંકડા સાથે માંગરોળ પંથકનો મૌસમનો ૬૪ ટકા વરસાદ પૂર્ણ થઈ ગયો છે. માંગરોળ માં ભારે વરસાદના કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. મીઠીવાવ, માલાવાવ, માત્રી જેવા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. બંદર ઝાપામા ઘોડાપુર આવ્યા હતા. તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે કોઈ આયોજન ના હોવાથી બંદર ઝાપા શિફા રોડ જેવા સતત વહાનોના અવરજવર વારા વિસ્તારમાં પાણીનો ભરાવો થતા રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. હોસ્પિટલ, સ્કૂલો અને મદ્રેસાને જોડતા શિફા રોડ પર ભારે વરસાદ પડતા જ રાહદારીઓ માટે નિકળવું મુશ્કેલ બની જાય છે. આ રોડ ઉપર પડેલા રેડાઓ તળાવોમા ફેરવાઈ જાય છે. પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા જ ના હોવાથી આ રસ્તો સરોવરમાં ફેરવાઈ જાય છે. આ સાથે મસાણ વાળા રસ્તા ઉપર પણ પાણીના નિકાલનો રસ્તો બંધ કરવામાં આવતાં અહી પાણીનો મોટો ભરાવો થાય છે. આ સાથે કોટળા પાસે કામનાથ રોડ, હુસેનાબાદ શેપા રોડ ઉપર પાણીના પૂર આવતા રાહદારીઓ પ્રભાવિત થયા હતા.

# જૂનાગઢ જીલ્લામાં ૨૧ સ્કુલોમાં હેરીટેજ કલબની સ્થાપના કરાશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૦

ઈન્ટેક દ્વારા સોરઠની ૨૧ સ્કુલોમાં હેરિટેજ કલબની સ્થાપના કરવામાં આવશે. એ કલબના વિદ્યાર્થીઓ બાળપણથી ભારતના અનેકવિધ વારસામાં રસ લેતા થશે. નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સ્તરની સંસ્થા ભારતીય સંસ્કૃતિ નિધિ જે ટૂંકા નામે ઈન્ટેક તરીકે ભારતભરમાં જાણીતી છે. જેની સ્થાપના ઈ.સ.૧૯૮૪માં કરવામાં આવેલ, જેના દ્વારા સમગ્ર ભારતમાં ૨૧૫થી વધુ ચેપ્ટર ચલાવવામાં આવે છે. ગુજરાતમાં નવસારી, મ્હેસાણા, વડોદરા, સુરત, અમદાવાદ, જામનગર, રાજકોટ, ધાંગધ્રા, પોરબંદર, ભાવનગર વગેરે ઠેકાણે ઈન્ટેકના ચેપ્ટર કાર્યરત છે. ઈન્ટેકનું જૂનાગઢ ચેપ્ટર સોરઠમાં કાર્યરત છે. આ સંસ્થાની સ્થાપના ઈતિહાસ સંસ્કૃતિ અને વારસાનું જતન કરવા માટે કરવામાં આવેલી છે, જેનું મુખ્ય કામ તમામ પ્રકારના અનેકવિધ વારસાનું જતન કરવું અને લોકમાનસમાં એની સતત આભા બની રહે તથા ખંડહર થતી ઈમારતો કેમ બચાવી એ પ્રકારના અનેક કાર્યો કરે છે. શ્રી પ્રેમાનંદ વિદ્યામંદિર જૂનાગઢ ખાતે ઈન્ટેક દ્વારા ટીચર્સ ટ્રેનિંગ વર્કશોપ ૧૨ -૧૩ જુલાઈ ૨૦૨૩ના રોજ યોજવામાં આવેલ છે. જેમાં દિલ્હીથી બે તજજ્ઞો આવશે એમાં હેરિટેજ એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન સર્વિસના વડા શ્રી પૂર્ણિમા દત્ત તથા શ્રી વૈષ્ણવીસિંગ ખાસ હાજરી આપશે. સોરઠમાં જે ૨૧ સ્કુલોમાં હેરિટેજ કલબ સ્થપાશે. આ કલબમાં જોડાનાર વિદ્યાર્થીઓને હેરિટેજ પાસપોર્ટ, યંગ ઈનટેકનો બેઝ આ વિષય સંબંધિત પુસ્તકો અને હેરિટેજનું મહત્વ ધરાવતા દિવસોનું કેલેન્ડર ભેટ આપવામાં આવશે. જૂનાગઢ જિલ્લાની ૨૧ સ્કૂલોમાં હેરિટેજ કલબની જે સ્થાપના થવાની છે. એ તમામ સ્કૂલના બે શિક્ષકોને બે દિવસ તાલીમ આપવામાં આવશે. સોરઠની આ સ્કુલોમાં હેરિટેજ કલબની વિવિધ પ્રવૃતિઓથી તમામ પ્રકારના વારસાનુ સંરક્ષણ અને જતનના વિચારો ફેલાશે. વિદ્યાર્થીઓ તથા લોકો વારસા અને ઈતિહાસ સંસ્કૃતિના કલા એવા વિષયમાં વધુ રસ લેતા થશે એવા ઉજળા એંધાણ વર્તાઈ રહ્યા છે. આ તાલીમ લીધા પછી આ સ્કુલોમાં હેરીટેજ કલબની પ્રવૃત્તિથી બાળકો પણ આપણા વિસરાતા વારસા અને ઈતિહાસ સંસ્કૃતિમાં વધુ રસ લેતા થશે અને ભવિષ્યમાં વધુને વધુ જાગૃતિ આવતી થશે. એમ જૂનાગઢ ચેપ્ટરના કન્વિનર ડો. પ્રદ્યુમ્ન ખાચર અને કો.કન્વિનર આર્કિટેક અમન કોટડીયાની યાદીમાં જણાવાયુંછે.

# સરકારી વિનયન ભેસાણ કોલેજનું ગૌરવ : જિલ્લા કક્ષાની સંસ્કૃત વકતૃત્વ સ્પર્ધામાં ભેસાણ કોલેજનો દ્વિતિય ક્રમ



(પ્રતિનિધિ દ્વારા)
ભેસાણ તા.૧૦

વર્ષ ૨૦૨૩માં યોજાયેલ ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા આયોજીત જિલ્લા લેવલની સંસ્કૃત વકતૃત્વ સ્પર્ધામાં ક્રિનાબેન ગોહેલ સંસ્કૃતસાહિત્યની કૃતિ અભિજ્ઞાનશાકુંતલમમાં દ્વિતિય ક્રમ તથા રિંકલબેન મારડીયા સંસ્કૃત સાહિત્યના સર્જક તરીકે આદ્ય ગુરૂ શંકરાચાર્ય વિષય ઉપર દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરતા સરકારી વિનયન ભેસાણ કોલેજનું ગૌરવ વધારેલ છે. જયતુ સંસ્કૃતમ જયતું ભારતમ. જેમના માર્ગદર્શક તરીકે કોલેજના સંસ્કૃત વિષયના અધ્યક્ષ પ્રો.ડો. એ.એલ. જોશી દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તકે ભેસાણ કોલેજના પ્રિન્સીપાલ પ્રો.ડો. યોગેશકુમાર વી. પાઠક, વાઈસ પ્રિન્સીપાલ પ્રો.ડો. સરોજબેન નારીગરા તથા સમગ્ર સ્ટાફ મીત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.


# કોડીનારના બાવાના પીપળવા ગામે ૨૦૦ મીટરના રસ્તાના મુદે ૧૦૫ લોકોએ સામૂહિક આત્મ વિલોપનની ચીમકી આપી



(મુગલ અલ્તાફ દ્વારા)
કોડીનાર તા.૧૦

કોડીનાર તાલુકાના બાવાના પીપળવા ગામે બાકી રહી ગયેલા ૨૦૦મીટરના રોડની કામગીરી મુદ્દે ગામના ૧૦૫ જેટલા લોકોએ સામૂહિક આત્મ વિલોપનની ચીમકી ઉચ્ચારતા ખળભળાટ મચ્યો છે. આ અંગે બાવાના પીપળવા ગામના જાગૃત નાગરિક દિનેશભાઈ નાથાભાઈ સોલંકીએ મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં જણાવ્યા મુજબ બાવાના પીપળવાથી મજેવડી રોડ બનાવવા માટે જે.પી.સ્ટકચર પ્રા.લી.રાજકોટને તા.૨૨-૯-૧૫થી કામ ચાલુ કરવા આદેશ આપવામાં આવ્યો હોવા છતાં ઈજારદાર દ્વારા બાવાના પીપળવા ગામની અંદરથી પસાર થતા ૨૦૦ મીટર રોડની કામગીરી આજદિન સુધી કરવામાં ન આવતા અને અધૂરામાં ઈજારદારે તા.૩૦-૮-૧૭ના રોજ કામ પૂર્ણ કર્યુ હોવાનું જાહેર કરી દેતા અને આ અંગે જવાબદાર અધિકારીઓ અને ઈજારદારે મીલીભગત અને સાંઠગાંઠ ગોઠવી રોડનું કામ થઈ ગયેલ છે તેવું ખોટું રેકોર્ડ ઉભુ કરી ઈજારદારને કામમાંથી મુકત કરવા ઠરાવ કરી મોટો ભ્રષ્ટાચાર કર્યો હોવાનું અને બાબતે ગામના લોકોએ કેટલાક વર્ષોથી અનેક વખત રજૂઆતો કરવા છતાં સ્થાનિક અને ઉપલા ભ્રષ્ટ અધિકારીઓ રોડની કામગીરી કરવા કોઈ કાર્યવાહી કરતા ન હોય અને અધિકારીઓએ ઈજારદાર પાસેથી મોટી રકમ લઈ તેને કામ માંથી મુક્ત કરી દીધા હોવાનો આક્ષેપ કરી બાવાના પીપળવા ગામે બાકી રહી ગયેલા ૨૦૦ મીટર રોડની કામગીરી ૧૫ દિવસમાં પૂર્ણ કરવામાં નહિ આવે અને રસ્તાની કામગીરીમાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ કરી જવાબદાર અધિકારીઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં નહિ આવે તો બાવાના પીપળવા ગામના લોકોએ રસ્તાની કામગીરીના સ્થળે સામૂહિક આત્મ વિલોપન કરશે તેવી પત્રના અંતમાં ચીમકી ઉચ્ચારતા ખળભળાટ મચ્યો છે. આ તકે ગ્રામજનોના જણાવ્યા મુજબ તંત્રને વારંવાર રજૂઆતો કરીને થાકયા બાદ અમો ગામના ૧૦૫ લોકો ના છૂટકે સામૂહિક આત્મ વિલોપન કરવા મજબૂર બન્યા હોવાનું જણાવ્યું હતું.

# સાઉથ આફ્રિકામાં ગેસ લીકેજ થતાં માર્યા ગયેલાઓને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ : સહાયરૂપ બન્યા



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૦

સાઉથ આફ્રિકામાં ગેસ લીકેજ થતાં ૧૬ લોકોનાં દુઃખદ અવસાન થયાં હતાં. પુજય મોરારિબાપુ તરફથી આ ઘટનામાં માર્યા ગયેલાઓને પ્રત્યેકના પરિવારજનોને રૂપિયા પંદર હજાર લેખે સહાયતા રાશિ અર્પણ કરવામાં આવી છે. કુલ મળીને રૂપિયા બે લાખ ચાલીસ હજારની સહાય અર્પણ કરવામાં આવી છે જે સાઉથ આફ્રિકાનાં ચલણમાં પરિવર્તિત કરી આપવામાં આવશે.

ઝેરી નાઈટ્રેટ ગેસ લીકેજ થતાં માર્યા ગયેલાઓમાં ત્રણ બાળકનો પણ સમાવેશ થાય છે. આ દુઃખદ ઘટનમાં માર્યા ગયેલા લોકોનાં નિર્વાણ માટે પુજય બાપુએ પ્રાર્થના કરી છે અને તમામ મૃતકોના પરિવારજનોને દિલસોજી પાઠવી છે. સાઉથ આફ્રિકા સ્થિત રામકથાના શ્રોતાઓ દ્વારા સહાયતા રાશિ પહોંચાડવામાં આવી રહી છે.

## જૂનાગઢમાં જુગાર દરોડો : છ મહિલા સહિત નવ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરમાં ગઈકાલે એ ડીવીઝન પોલીસે કડીયાવાડ વિસ્તારમાં ચોક્કસ બાતમીના આધારે જુગાર અંગે દરોડો પાડયો હતો અનો જાહેર રોડ ઉપર લાઈટના અજવાળે જુગાર રમતા છ મહિલા સહિત નવનો રૂા.૪૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# દ્વારકામાં એક શખ્સ ગાય સાથે સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કરતા રંગે હાથ



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૧૦

કૃષ્ણની નગરી દ્વારકામાં એક શખ્સ દ્વારા ભરચોક વિસ્તારમાં આવેલ સંસ્કૃત ઈન હોટલ સામે આવેલ મંદિર પાછળ અવાવરૂ જગ્યામાં ગાયને રસ્સા (દોરડા) વડે બાંધી ધાતકીપણું કરી ગાય સાથે સુષ્ટીક્રમ વિરૂધ્ધનું કૃત્ય આચતો હોવાથી દ્વારકાના ગૌવપ્રેમીઓને જાણ થતા ઘટના સ્થળે પહોંચી પોલીસને બોલાવી ગાય સાથે સુષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કરતા એકશખ્સને રંગે હાથે ઝડપી પાડ્યો હતો. તે શખ્સને દ્વારકા પોલીસને લઈ આવેલ પુછપરછ કરતા શખ્સ દ્વારકામાં આનંદ ચોકમાં રહેતા સાગર જેન્તીભાઈ કણઝારીયા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ગૌવ ભક્ત મિતેશભાઈ બુજડની ફરીયાદ લઈ આરોપી સાગર જેન્તીભાઈ કણઝારીયા વિરૂધ્ધ ગુનો ઈ.પી.કો કલમ ૩૭૭ તથા પશુ પ્રત્યે ધાતકી પણા ની અધિનીયમની કલમ ૧૧(૧)એ મુંજબ ગુન્નો નોંધી આરોપી શખ્સની ધરપકડ કરી ઈન્ચાજ પીઆઈ અક્ષય બારસીયા દ્વારા તપાસ હાથ ધરી છે. બનાવની જાણ થતા દેવભુંમી દ્વારકા જીલ્લા સહિત ગૌવ ભક્તોમાં રોષ વ્યાપ્યો છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : સોની હરીલાલ લાલજીભાઈ કપેચાનાં ધર્મપત્ની ગીતાબેન (ઉ.વ. ૭૦) તે પંકજભાઈ, શૈલેષભાઈ, રાજશ્રીબેન, નયનાબેનનાં માતા, પ્રિયાંશ, જાનવી, શ્વેતાનાં દાદીમાં, સ્વ. સોની વિઠ્ઠલદાસ મોતીચંદ ધીજોજા (ધોરાજી)નાં દિકરી તા. ૭-૭-૨૩ને શુક્રવારનાં રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તા. ૧૦-૭-૨૧ સોમવારનાં રોજ હાટકેશ્વર મંદિર, ગંધ્રપવાડા, જૂનાગઢ ખાતે ૪ થી ૬ રાખેલ છે.

# મેઘમહેરથી પ્રકૃતિનાં જળવૈભવનાં નજારા સમો સોમનાથ પાસેનો ગાગડીયા ધોધ



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય)
પ્રભાસ પાટણ તા. ૧૦

પ્રકૃતિ આ વર્ષ મેઘરાજાની અપાર કૃપા વરસાવી છે ત્યારે સોમનાથ નજીક આવેલ સવની ગામે ગાગડીયો ધોધ ઉપવારસમાં આવેલ ભારે પુરને કારણે બે કાંઠે વહી રહયો છે. સવનીનાં પ્રાચીન ખોડીયાર મંદિરને કાંઠે આવેલ આ વિસ્તારમાં પ્રકૃતિએ જયાં લીલીછમ ચાદર પાથરી છે અને ખળખળ વહેંતી હિરણ નદીનાં પાણીનું સંગીતથી ખીલી ઉઠી છે. આવો ધોધ લોકોમાં આસ્થા સાથે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે અને સીનેમા - ટીવીમાં જોયુંહોય પરંતુ ઘરઆંગણે જ આ ધોધ જોવા મળતા તેનો હરખ - આનંદ છે.

# ૧૦ જૂલાઈ રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા બ્લૂ ઈકોનોમીને સતત પ્રોત્સાહન અને ગુજરાત સરકારની વિવિધ પ્રોત્સાહક નીતિઓના કારણે ગુજરાતમાં માછલીઓનું ઉત્પાદન સતત વધી રહ્યું છે અને માછીમારો દિવસે ને દિવસે સમૃદ્ધ થઇ રહ્યા છે. રાજયમાં આ બ્લૂ ઈકોનોમી તેમજ માછીમારોને વધુ પ્રોત્સાહિત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર રાજ્યમાં રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી કરી રહી છે. જાણીતાં વૈજ્ઞાનિક ડો. કે.એચ. અલીકુન્તી અને ડો. એચ.એલ. ચૌધરીની યાદમાં રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવે છે. તેઓએ ૧૦મી જુલાઈ ૧૯૫૭ના રોજ ભારતીય મેજર કાર્પ્સમાં પ્રેરિત બ્રેડિંગની ટેકનોલોજીનું સફળતાપૂર્વક પ્રયોગ કર્યા હતો. એમના યોગદાન માટે દર વર્ષે ૧૦ જુલાઈના રોજ "રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત" દિવસની ઉજવણી કરવામાં આવે છે. અને દેશના દરિયાકાંઠો ધરાવતા રાજ્યો આની ઉજવણી કરે છે. ગુજરાતમાં દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિમીનો દરિયાકિનારો છે, જેનો સીધો લાભ અહીંના માછીમારો અને મત્સ્ય ઉદ્યોગને થાય છે. ગુજરાત દરિયાઈ માછલીના ઉત્પાદનમાં દેશમાં પ્રથમ સ્થાને છે, જ્યારે અન્ય તમામ પ્રકારના સ્ત્રોતોમાંથી થતા કુલ માછલીના ઉત્પાદનમાં દેશમાં પાંચમા સ્થાન ઉપર છે. છેલ્લા ૪ વર્ષોની વાત કરીએ તો ગુજરાતમાં કુલ માછલીના ઉત્પાદનનો આંકડો વાર્ષિક સરેરાશ લગભગ ૮.૫ લાખ મેટ્રિક ટન રહ્યો છે. ગુજરાતમાં દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિમીનો દરિયાકિનારો છે, જેનો સીધો લાભ અહીંના માછીમારો અને મત્સ્ય ઉદ્યોગને થાય છે.

**ગુજરાત સરકાર કરી રહી છે બ્લૂ ઇકોનોમીને પ્રમોટ**

ગુજરાતના ૧૬૦૦ કિમી લાંબા દરિયાકાંઠાની સંપૂર્ણ ક્ષમતાનો લાભ લેવા માટે ગુજરાત સરકારે મત્સ્યપાલનના ક્ષેત્રમાં અનેક પ્રોત્સાહક પહેલો કરી છે. તેમાં ડીઝલમાં વેટના દરમાં ઘટાડો, કેરોસીન અને પેટ્રોલની ખરીદી પર સબસીડીની સુવિધા, ઝીંગા માછલીઓના પાલન હેઠળ આપવામાં આવતી જમીન, રસ્તા અને વીજળીની સુવિધાઓ, નાના માછીમારો માટેના બંદરોની માળખાકીય સુવિધાઓમાં વધારો કરવો, માઢવાડ, નવાબંદર, વેરાવળ-૨ અને સૂત્રાપાડામાં ચાર નવા મત્સ્ય બંદરોનું નિર્માણ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સતત હવામાન અને સુરક્ષા સંબંધિત જાગરૂતતા જેવા પ્રયાસોથી ગુજરાતનો મત્સ્યોદ્યોગ અને માછીમારો સતત નવા શિખરો સર કરી રહ્યા છે. ગુજરાતનો દરિયો પર્યટન બંદરક્ષેત્રે લાખો લોકોને - રોજગારી આપે છે. તો માછીમારોને રોજગારી આપે છે. ગુજરાતની માછલીઓ વિદેશમાં પણ લોકપ્રિય છે. મત્સ્ય ઉદ્યોગ - બંદર ઉદ્યોગ ઉપરાંત અનેક સ્ટ્રીટ વેન્ડર્સ દરિયાઈ ચીજ વસ્તુઓ જેવી કે શંખ, છીપલા, મોતીઓના ઘરેણા બનાવી તથા વેચીને રોજગારી મેળવે છે. દેશપાર વાહનવ્યવહારનું પણ એક મહત્વનું સાધન છે. સૌરાષ્ટ્રમાં સોમનાથ, પોરબંદર, માધવપુર, દ્વારકા, કોવાયા, જામનગર સહીત અનેક સ્થળોએ દરિયાઈ પ્રાણીના સંવર્ધન ઉછેર કેન્દ્ર ચાલી રહ્યા છે. જે પૈકી માધવપુરનું દરિયાઈ કાચબા ઉછેર કેન્દ્ર પ્રખ્યાત છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના દરિયાકિનારે પ્રવાસીઓને આકર્ષવા ગાર્ડન, વોશ એરિયા, સીટીંગ અરેંજમેન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક, ઉંટસવારી વગેરે જેવી મનોરંજક સવલતોનું નિર્માણ કરાયું છે. સરકારના સઘન પ્રયાસોથી પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાની બાજુમાં આવેલા શિવરાજપુર બીચને આંતરરાષ્ટ્રીય સ્તરે 'બ્લુ ફ્લેગ'નો દરજ્જો મળ્યો છે. હાલમાં શિવરાજપુર બીચ પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. રાજયના હયાત મત્સ્ય બંદરો, મત્સ્ય ઉતરાણ કેન્દ્રોનું આધુનીકીકરણ, નવા મત્સ્ય કેન્દ્રો વિકસવવા, જુના મત્સ્ય કેન્દ્રોના અપગ્રેડેશન, ડ્રેજીંગ કરવુ, વીજળીની સુવિધા પુરી પાડવી, પાણી પુરવઠો પુરો પાડવો, ઉતરાણ કેન્દ્રો ખાતે ફ્લોટીંગ જેટી બનાવવી વગેરે કામો માટે રૂા. ૨૨૫.૭૯ કરોડની સુચિત જોગવાઈ કરાઈ છે.

સંકલન : પ્રો.ડો. સચિન જે. પીઠડીયા, ભેંસાણ

# શ્રી સોમનાથ મહાદેવના દર્શન કરી જૂનાગઢ પોલીસ તાલીમ કેન્દ્રના ૮૪૨ તાલીમાર્થીઓ સહિત આઈજીએ ધ્વજાપૂજા કરી

## સોમનાથ મંદિર ઉપર ઈન્દ્રદેવના જલાભિષેક સાથે અલૌકિક સ્વરૂપના દર્શન કરી પોલીસ તાલીમાર્થીઓએ હરહર મહાદેવના નાદથી પરિસર ગુંજતું કર્યું






(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૦

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શને જુનાગઢ પોલીસ તાલીમ કેન્દ્રના ૮૪૨ એએસઆઈ તાલીમાર્થીઓને પોલીસ વિભાગ દ્વારા સોમનાથ મહાદેવના દર્શન કરાવવાનું વિશેષ આયોજન કરાયું હતું. ઝેડ પ્લસ સિક્યુરિટીમાં આવતું સોમનાથ મંદિર સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વનું હોવાની સાથે કરોડો લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે. ત્યારે તાલીમાર્થીઓ શ્રી સોમનાથ મહાદેવના દર્શન અને પૂજામાં ભાગ લઈ શકે અને મંદિરની સુરક્ષા વ્યવસ્થા પણ સમજી શકે તેના માટે પોલીસ તંત્ર દ્વારા આ વિશેષ આયોજન કરાયું હતું. ત્યારે સોમનાથ ટ્રસ્ટ રેન્જ આઈ.જી અને પોલીસ વિભાગ સહિત ૮૪૨ ભાવિ પોલીસ અધિકારીઓનું યજમાન બન્યું હતું. મુખ્ય પ્રવેશદ્વારથી સ્વાગત કરીને તમામ તાલીમાર્થીઓને નૃત્ય મંડપથી મુખ્ય મંદિરમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. સોમનાથ તીર્થના પુરોહિતો દ્વારા આવનાર તમામ તાલીમાર્થીઓને સોમનાથ મહાદેવનું ચંદનતિલક કરી આવકારવામાં આવ્યા હતા. ઉત્તમ દર્શન કરાવ્યા બાદ તમામ તાલીમાર્થીઓને ધ્વજા પૂજા માટે લઈ જવામાં આવ્યા હતા. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા જૂનાગઢ રેન્જ આઈ.જી મયંકસિંહ ચાવડા અને ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા સહિત પોલીસ અધિકારીઓને સમગ્ર પોલીસ તંત્ર વતી ધ્વજા પૂજા કરાવવામાં આવી હતી. તમામ તાલીમાર્થીઓ આ પૂજાના સાક્ષી બને તેના માટે ટ્રસ્ટના લાઈટ એન્ડ સાઉન્ડ શો પવેલિયનમાં ધ્વજા પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અવિરત વરસાદથી સ્વયં ઈન્દ્રદેવ સોમનાથ મહાદેવનો જલાભિષેક કરી



રહ્યા હોય તેવું મનમોહક દ્રશ્ય સર્જાયું હતું. મહાદેવના દર્શન પૂજન અને ઈન્દ્ર દેવનો જિલ્લાભિષેક જોઈ તાલીમાર્થીઓ પણ શિવભક્તિમાં લીન થયા હતા અને હર હર મહાદેવ જય સોમનાથના નાદથી સમગ્ર પરિસર ગુંજી ઉઠયું હતું.

# નરેશભાઈ પટેલના જન્મદિવસે સેવાનો મહાયજ્ઞ : દેશભરમાં ૫૮થી વધુ જગ્યાએ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

## રાજકોટ શહેર અને જીલ્લામાં કુલ ૯ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૦

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે છેલ્લા ઘણા વર્ષોથી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. દર વર્ષે આ સેવાકીય કાર્યનો વ્યાપ વધી રહ્યો છે. ત્યારે આવતીકાલ ૧૧ જુલાઈના રોજ નરેશભાઈ પટેલના ૫૮મા જન્મદિવસે દેશભરના ૫૮થી વધુ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદ્જયોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ અને અન્ય સહયોગી સંસ્થાઓના સાથ-સહકારથી આવતીકાલ ૧૧ જુલાઈને મંગળવારના રોજ નરેશભાઈ પટેલના જન્મદિવસે રાજકોટ શહેર અને જિલ્લા સહિત રાજ્ય અને દેશના કુલ ૫૮થી વધુ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું છે. રાજકોટ શહેર અને જિલ્લા ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, ભરૂચ, મહીસાગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, મહેસાણા, પોરબંદર, મોરબી, વલસાડ, નવસારી, ખેડા, નર્મદા સહિતના જિલ્લામાં પણ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ પ્રથમ વખત રાજ્ય બહાર મધ્યપ્રદેશના ઝરખેડામાં અને ચેન્નાઈમાં પણ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં રક્તદાન કરીને આ રાષ્ટ્રસેવામાં સહભાગી થવા જાહેર જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. રાજકોટ શહેર અને જિલ્લામાં કુલ ૯ જગ્યાએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. જેમાં (૧) સવારે ૮ થી ૧૨ સુધી શ્રી સરદાર પટેલ ભવન, રાજકોટ (૨) સવારે ૭ થી ૧૨ સુધી પટેલવાડી, બેડીપરા, રાજકોટ (૩) સવારે ૮ થી ૧ વાગ્યા સુધી પટેલવાડી, જેલ ચોક, ગોંડલ (૪) સવારે ૮ થી ૧૨ સુધી શ્રી ગુરુદત્ત મંદિર, કોટડા સાંગાણી (૫) સવારે



૯થી ૧ સુધી પાટીદાર શૈક્ષણિક ભવન, જસદણ (૬) સવારે ૮ થી ૧૨ સુધી લેઉવા પટેલ સાંસ્કૃતિક ભવન, ધોરાજી (૭)સવારે ૯ થી ૧ સુધી ડેકોરા ભવન, મેટોડા (૮) સવારે ૯ થી ૧ સુધી કન્યા છાત્રાલય, ખામટા (૯) સવારે ૮ થી ૧૨ સુધી કોટડીયાવાડી, જેતપુર ખાતે આયોજન કરાયું છે.

નરેશભાઈ પટેલના ૫૮મા જન્મદિવસ નિમિત્તે વિવિધ જગ્યાએ વૃક્ષારોપણનું પણ આયોજન કરાયું છે. સાથે જ વૃદ્ધાશ્રમમાં ભોજન, દર્દીઓને ફ્રુટ વિતરણ સહિતના સેવાકાર્યો પણ થશે.

# જૂનાગઢ ખાતે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે આવતીકાલે રક્તદાન કેમ્પનું આયોજન

જૂનાગઢ, તા.૧૦

ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મદિવસની ઉજવણી જૂનાગઢ ખાતે સમગ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા રક્તદાન કેમ્પ યોજી કરવામાં આવશે. આવતીકાલ ૧૧મી જુલાઈના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યાના સમય ગાળા દરમ્યાન ઝાંઝરડા રોડ સ્થિત શિવમપાર્ટી પ્લોટ ખાતે જૂનાગઢના ગણમાન્ય વ્યક્તિ વિશેષ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં યુવાનો રક્તદાનમાં જોડાશે, જરૂરિયાતમંદ દર્દીઓને રક્તની જરૂરત પૂરી પાડવા માટે આ રક્તદાન કેમ્પ આશીર્વાદરૂપ બનશે. જૂનાગઢ જીલ્લાના યુવાનોને રક્તદાન કેમ્પમાં સહભાગી બનવા જૂનાગઢ જિલ્લાના ખોડલધામ સમિતિના ટ્રસ્ટી ગોપાલભાઈ રૂપાપરા અને ડો. ગીરીશભાઈ ગજેરાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બરડા પંથકમાં સચરાચર વરસાદનાં પગલે પ્રકૃતિ ખીલી ઉઠી

**આદિત્યાણા, તા.૧૦**

**આદિત્યાણા પંથકમાં સચરાચર વરસાદના બુંદ બુંદે પ્રકૃતિને નવડાવી એકદમ ચોક્ખી લીલી છમ્મ બનાવી દીધી છે. ચોમાસાના પહેલા વરસાદ પછી વાતાવરણમાં ઉડતી રજકણો, રેસાઓ, અશુદ્ધ વાયુઓ વગેરે જમીન ઉપર આવી જતા વાતાવરણ ચોખ્ખું થઈ જતા સુર્યના કિરણો એકદમ તેજસ્વી જણાય છે. બરડા પંથકમા પ્રકૃતિ સોળે કલાએ ખીલી ઉઠી હોય તેવું આલ્હાદક દ્રષ્ય દ્રષ્ટીગોચર થાય છે.**



# માંગરોળ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામિ તરીકે પૂ.મુકતસ્વરૂપ સ્વામિની વરણી

માંગરોળ, તા.૧૦

માંગરોળ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિર જે રાધા રમણ દેવ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિર અંતર્ગત આવેલ છે જેમાં કોઠારી સ્વામિ તરીકે કાલવાણી સ્વામિનારાયણ મંદિરના મુકતસ્વરૂપ સ્વામિની નિમણુંક કરવામાં આવી છે. લોજ સ્વામિનારાયણ મંદિર કે જયાં નીલકંઠવર્ણી મહારાજ વનવિચરણ કરી ઘણા સમય સુધી રોકાયેલા હતા અને સ્વામિનારાયણ સંપ્રદાયનો પંચ તીર્થ ગણવામાં આવુે છે. જયાં કોઠારી તરીકે પોરબંદર ગુરૂકુળના ભાનુ સ્વામિ કોઠારી તરીકે હતા તેઓએ સ્વૈચ્છિક ખુબજ કામને લઈને નિવૃત્તિ લેતા તેમના સ્થાન ઉપર નવા



કોઠારી કાલવાણી સ્વામિ મંદિરના મુકત સ્વરૂપ સ્વામિને હરીપ્રકાશ સ્વામિ ભાનુસ્વામિ તથા ધર્મ કિશોર સ્વામિ દ્વારા સ્વાગત કરી તેમને નિમણુંકને આવકારી હતી. આ ઉપરાંત ગામના સરપંચ રવિભાઈ નંદાણીયા દ્વારા પણ તેમને નિમણુંકને આવકારી હતી. સ્વામિ મુકત સ્વરૂપ ખુબજ બાહોશ વહીવટી તરકેની નામના ધરાવે છે. ઉપરાંત તેઓ એક ધર્મ ચુસ્ત સ્વામિનારાયણના એવી નામના ધરાવે છે જેને લઈને લોજ સ્વામિનારાયણ મંદિરના વિકાસ કર્યોને વેગ અવાશે તેમજ પવિત્ર પુરૂષોત્તમમાસ અને પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

# દ્વારકાની વ્રજ હોસ્પિટલમાં અવિરત રીતે ચાલતો નિ:શુલ્ક નેત્રયજ્ઞ : મોટી સંખ્યામાં લાભ લેતા દર્દીઓ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

દ્વારકામાં છેલ્લા ઘણા સમયથી વિવિધ પ્રકારે સેવાકીય પ્રવૃત્તિઓ કરતા જાણીતા તબિબ ડોક્ટર સાગર કાનાણી દ્વારા છેલ્લા આશરે ત્રણેક માસથી દર્દીઓને વિનામૂલ્યે નેત્ર નિદાન તથા સારવાર કરી આપવામાં આવે છે. દ્વારકામાં આવેલી વ્રજ હોસ્પિટલ ખાતે આંખના દર્દીઓને તપાસણી કરી અને જરૂરિયાત મુજબ નંબર કાઢી, દવાઓ પણ આપવામાં આવે છે. આટલું જ નહીં, આંખનું પ્રેશર માપવું, મોતિયાની તપાસ વિગેરે તમામ તપાસ સંપૂર્ણપણે વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. દ્વારકા પંથકના નેત્ર દર્દીઓએ આ વિનામૂલ્યે સેવાઓનો લાભ લેવા ડૉક્ટર સાગર કાનાણી દ્વારા અપીલ કરવામાં



આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડોક્ટર સાગર કાનાણીની વ્રજ હોસ્પિટલ ખાતે છેલ્લા ઘણા સમયથી દર્દીઓનું નિદાન (કન્સલ્ટિંગ) વિના મૂલ્યે કરી આપવામાં આવે છે. આ સાથે તેમની સારવારનો લાભ ખૂબ મોટી સંખ્યામાં દર્દીઓ લઈ ચૂક્યા છે અને તેમની આભારની લાગણી વ્યક્ત કરી છે.

# મનની ફિલોસોફી

મનની પ્રકૃતિ શરીર સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરે તેનો અભ્યાસ મનની ફિલસૂફીની છત્ર હેઠળ કરવામાં આવે છે. ચેતનાની પ્રકૃતિ, મન અને શરીર વચ્ચેનું જોડાણ, માનસિક કાર્યકારણ, ભાષા અને સમજશક્તિ વચ્ચેના જોડાણનો સમાવેશ થાય છે. દ્વૈતવાદ અને દ્વૈતવાદ વચ્ચેની ચર્ચામાં મન અને શરીર બે અલગ વસ્તુઓ છે, જે મનની ફિલસૂફીમાં સૌથી મહત્વપૂર્ણ મુદ્દાઓમાંનો એક છે.

સમકાલીન ફિલસૂફીના પિતા, રેને ડેસકાર્ટેસ (૧૫૯૬-૧૬૫૦) ને માનવ મન ઉપર વિસ્તૃત રીતે લખવાનો શ્રેય આપવામાં આવે છે. તેમણે દલીલ કરી હતી કે મન શરીરથી સ્વતંત્ર રીતે વિચારી શકે છે અને તે શરીરથી અલગ પદાર્થ છે. જ્હોન લોકે (૧૬૩૨-૧૭૦૪) અનુસાર મન જન્મથી જ ખાલી સ્લેટ જેવું તેમાં તમામ જ્ઞાનનાં અનુભવ દ્વારા પ્રાપ્ત થાય છે. ડેવિડ હ્યુમ (૧૭૧૧-૧૭૭૬) અનુસાર, આદત અને સંગત મનને ઉત્પન્ન કરે છે. ઈમેન્યુઅલ કાન્ત (૧૭૨૪-૧૮૦૪) અનુસાર, વિશ્વપ્રત્યેની આપણી ધારણા આપણા વિચારો દ્વારા સક્રિયપણે આકાર લે છે. વિલિયમ જેમ્સ (૧૮૪૨-૧૯૧૦) અનુસાર મન એ જાગૃતિનો પ્રવાહ છે. તેમના મતે, મન એ ભૌતિક પદાર્થ છે. બર્ટ્રાન્ડ રસેલ (૧૮૭૨-૧૯૭૦) ધ માઈન્ડ, ગિલ્બર્ટ રાયલે (૧૯૦૦-૧૯૭૬) અને જ્હોન સેરલે (૧૯૩૨-હાલ) અનુસાર, એક સામગ્રી નથી પરંતુ સ્વભાવનો સંગ્રહ છે. સોક્રેટીસ, પ્લેટો, એરિસ્ટોટલ, કન્ફ્યુશિયસ, બુદ્ધ, મહાવીર અને ચાણક્ય એ કેટલાક જાણીતા તત્વચિંતકો અને આધ્યાત્મિક વ્યક્તિઓના મત અનુસાર મન શરીરથી અલગ છે કે કેમ તે પ્રશ્ન એક એવો વષય છે જે સતત આવતો રહે છે. લોકે ભારપૂર્વક જણાવ્યુંહતું કે મન એ ફક્ત વિચારોનો સંગ્રહ છે? મન અને શરીર અલગ વસ્તુઓ છે? જો મન અને શરીર અલગ હોય તો આપણે ક્યારેય નિશ્ચિત થઈ શકીએ ? હિન્દુ વિદ્વાન રામાનુજાચાર્ય દ્વારા વિસ્તાદ્વૈત વિચારધારાની રચના કરવામાંઆવી હતી. સર્વકાલીન રહાન આધ્યાત્મિક શિક્ષકોમાંના એક, રૂમી પર્શિયન કવિ અને ધર્મશાસ્ત્રી હતા. દલાઈ લામા તિબેટીયન બૌદ્ધ ધર્મના વડા છે, તેઓ કરૂણા, અહિંસા અને શાંતિનો ઉપદેશ આપવા માટે જાણીતા છે. જર્મનમાં જન્મેલા બેક્હાર્ટ ટોલે તેમના પુસ્તક ધ પાવર ઓફ નાઉ માટે જાણીતા આધ્યાત્મિક માર્ગદર્શક છે. દીપક ચોપરા એક નારતીય-અમેરિકન ડૉક્ટર, લેખક અને જાહેર વક્તા છે જેઓ આધ્યાત્મિકતા અને મન-શરીરની દવા પરના તેમના કાર્ય માટે શ્રેષ્ઠ ઓળખાય છે. આપણા પોતાના મગજની બહાર પણ એક બ્રહ્માંડ છે તેની ખાતરી કરી શકીએ કે કેમ તે પ્રશ્નનો કોઈ સરળ ઉકેલ નથી. ફિલોસોફરોએ આ જટિલ મુદ્દા પર બધા પોતપોતાના દ્રષ્ટિકોણ પ્રદાન કર્યા છે, પરંતુ કોઈ એક સર્વસંમતિથી ઉકેલ લાવી શક્યું નથી. અસંખ્ય માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ, જેમાં હતાશા, અસ્વસ્થતા અને ખાવાની વિકૃતિઓનો સમાવેશ થાય છે, તેની સાથે સફળતાપૂર્વક સારવાર કરી શકાય તેવું દર્શાવવામાં આવ્યુંછે. વધુમાં, વિજ્ઞાને આપણા માટે અગાઉના અકલ્પનીય ઊંડાણમાં મનને સમજવા અને માનસિક સ્વાસ્થ્યના સુધારમાં મદદ કરી શકે તેવી સારવારો બનાવવાનું શક્ય બનાવ્યું છે. નવી ફાર્માસ્યુટિકલ્સ, મગજની ઈમેજિંગ ટેક્નોલોજી, સૂચનાત્મક વ્યૂહરચનાઓ અને માનસિક સ્વાસ્થ્યને ટેકો આપતા કામના વાતાવરણની રચના એ માનવ અસ્તિત્વ પર વૈજ્ઞાનિકોના પ્રભાવના ઉદાહરણો છે. વિજ્ઞાન કેટલી ઝડપથી વિકાસ કરી રહ્યું છે તે જોતાં, આવનારા વર્ષોમાં લોકો કેવી રીતે વિચારે છે અને જીવે છે તેના પર તેનો નોંધપાત્ર પ્રભાવ હોવાની અપેક્ષા છે. આ કાર્યમાં સૌથી મહત્વપૂર્ણ માહિતીમાં સામાન્ય વ્યક્તિ કેવી રીતે અનુસરી શકે છે? મનોવિજ્ઞાન અને ન્યુરોસાયન્સ વિશે વાંચન, ચિકિત્સક અથવા કાઉન્સેલરની સલાહ લેવી, ધ્યાન અને માઈન્ડફુલનેસ વ્યાયામમાં વ્યસ્ત રહેવું, પૂરતી ઊંઘ મેળવવી, સારો આહાર લેવો, વારંવાર કસરત કરવી, નજીકના મિત્રો અને કુટુંબીજનો સાથે સમય વિતાવવો અને અન્ય ઘણી બાબતોનો સમાવેશ થાય છે. આ તબક્કાઓને અનુસરીને, સામાન્ય વ્યક્તિ પોતાની વિચારસરણીને વધુ સારી રીતે સમજી શકે છે. પડકારરૂપ વિચારો અને લાગણીઓ સાથે કામ કરવા માટે સંરક્ષણ પદ્ધતિઓ બનાવી શકે છે. જે લોકો તમારા માટે મહત્વપૂર્ણ છે તેમના માટે સમય કાઢવો અને તેમની સાથે વાતચીત કરવી મહત્વપૂર્ણ છે કારણ કે મન એક જટિલ અને રસપ્રદ અંગ છે.

**લેખક – ડો. ચિરાગ જાની**

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ભારતમાં પણ કોરોના બુસ્ટર ડોઝ અભિયાન હાથ ધરાશે

ભારતમાં કોરોના સંક્રમણના કેસો બહુ ઘટી ગયા છે, પરંતુ દુનિયાના અનેક સ્વાસ્થ્ય અધિકારી ફરી એક વખત ઘટતી રોગ પ્રતિકારક શક્તિનો સામનો કરવા માટે આગામી કેટલાક મહિનામાં બૂસ્ટર રસીકરણ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. આ બૂસ્ટર ડોઝ અભિયાન દરેક માટે નહીં હોય. જે લોકો સંક્રમણના ખતરા વચ્ચે કામ કરી રહ્યા છે, તેમને રસી આપવામાં આવશે. હવે જ્યારે કોવિડ-૧૯ વૈશ્વિક કટોકટી સમાપ્ત થઈ ગઈ છે અને સંક્રમણ ઓછું થઈ ગયું છે, ત્યારે પણ અધિકારી એ વાત પર પુનર્વિચાર કરી રહ્યા છે કે કોને અને ક્યારે રસી લગાવવી જોઈએ. જીનિવામાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના એક વેક્સીન વિશેષજ્ઞ વાઈલ્ડર સ્મિથ કહે છે કે મહામારીના થાકે આપણને એક અલગ જ યુગમાં ધકેલી દીધા છે. મોટી સંખ્યામાં લોકોની રોગ પ્રતિરોધક ક્ષમતા કમજોર થઈ ગઈ છે. અમેરિકામાં ૧૭ ટકા લોકોને બાઈવેલેન્ટની રસી મૂકાઈ છે અને યુરોપીય સંઘના દેશોમાં લગભગ ૧૪ ટકા લોકોને બીજો બૂસ્ટર ડોઝ મળી ચૂક્યો છે. જોકે હજુ પણ છ લાખથી વધારે સક્રિય કોરોના દર્દીઓવાળા અમેરિકામાં બૂસ્ટર ડોઝ અપાઈ રહ્યો છે.

તેમાં કોઈ શંકા નહીં કે કોરોના રસીને કારણે ઘણા લોકોનો જીવ બચ્યો છે અને લોકોનો વિશ્વાસ પણ વધ્યો છે. કોઈપણ ફ્લૂ કે અન્ય બીમારીની સ્થિતિમાં લોકો હવે વેક્સીન શોધવા લાગ્યા છે. જોકે વેક્સીનની ટીકા પણ થઈ રહી છે. વેક્સીનની ટીકાનો તાજો મામલો એક વિખ્યાત પહેલવાનના મોત સાથે જોડાયેલો છે. જોએસ્થેટિક નામે મશહૂર ૩૦ વર્ષીય પહેલવાન બોડીબિલ્ડરે મોત પહેલાં આશંકા વ્યક્ત કરી હતી કે કોરોનાથી બચવા માટે લેવામાં આવેલ ચાર એમઆરએનએ વેક્સીનને કારણે જ તેનું સ્વાસ્થ્ય ખરાબ થયું. પહેલવાનનો એ દાવો હતો કે વેક્સીનને કારણે જ તેના લોહીમાં બદલાવ થયો. ઈન્સ્ટાગ્રામ પર ૮૪ લાખથી વધુ ફોલોઅરવાળા આ પહેલવાનના મોતથી સનસનાટી મચી ગઈ હતી. હવે કોઈ ઠોસ પ્રમાણ વિના વેક્સીન પર સવાલ ઉઠી રહ્યા છે. હજુ પણ મોટી સંખ્યામાં એવા લોકો છે, જેમને વેક્સીન પર વિશ્વાસ નથી.

બીજો એક દિલચસ્પ કિસ્સો છે, ગત દિવસોમાં પ્રસિધ્ધ ગાયિકા મેડોના ગંભીર રૂપે બીમાર પડી ગઈ, તો અફવા ફેલાઈ ગઈ કે વેક્સીનને કારણે જ તેની આવી હાલત થઈ છે. અસલમાં સોશ્યલ મીડિયા પર એક અભિયાન ચાલી રહ્યું છે, જે અંતર્ગત કોવિડ-૧૯ રસી પર તમામ દોષ નાખવાની કોશિશ થતી રહી છે. પુરાવાની અછત છતાં જેફ બેક, ડેવિડ ક્રોસ્બી અને અન્ય અનેક નામી હસ્તીઓના મોત માટે કોરોના વેક્સીનને જ ખોટી રીતે જવાબદાર ઠેરવવામાં આવે છે. દિલચસ્પ એ પણ છે કે કોરોના રસી વિરુદ્ઘ એક પ્રોપેગેંડા ફિલ્મ પણ બની ચૂકી છે. ડેડ સડનલી નામક ફિલ્મનો દાવો છે કે તે માનવ ઈતિહાસમાં ચાલી રહેલા સૌથી મોટા સામુહિક નરસંહાર વિશે સચ્ચાઈ રજૂ કરશે. એ પણ દાવો છે કે એક એવો અભિજાત્ય વર્ગ છે, જે દુનિયાને ખતમ કરવા માટે કામ કરી રહ્યો છે. જોકે ષડયંત્રનો આ સિદ્ઘાંત નવો નથી. યાદ કરો, શરૂઆતમાં જ એ અફવા ઊડી હતી કે વેક્સીનથી લોકો ચુંબકમાં બદલાઈ જશે.

ખેર, આ પ્રકારની અફવાઓ અને ખોટાં અભિયાનો તો ચાલતાં રહેશે, જેનાથી સાવધાન રહેવું જરૂરી છે. એક સમય હતો જ્યારે દુનિયાના મોટા મોટા નેતા કોરોનાને ખતરો નહોતા માની રહ્યા, તેને નકલી બીમારી ગણાવી રહ્યા હતા, પરંતુ સાવધાન, આ બીમારીથી આજે પણ દુનિયામાં રોજ ૨૦૦થી વધારે લોકોનાં મોત થઈ રહ્યાં છે અને સક્રિય કેસો પણ બે કરોડથી નજીક છે.

## રાજ્યનાં પાંચ આઈપીએસ અધિકારીઓને પ્રમોશન અપાયું

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યનાં ગૃહ વિભાગ દ્વારા પાંચ આઈપીએસ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યું છે. જેમા અતુલકુરમાં બંસલને આસિસ્ટન્ટ કમિશ્નર, આલોક કુમારને આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ, શિવમ વર્માને આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ. જગદીશ બંગારવા તેમજ અભિષેક ગુપ્તાને આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે. પાંચ IPS નાં પ્રોમોશનની સાથે સાથે આગામી ટૂંક સમયમાં રાજ્યનાં કેટલાક IPS અધિકારીઓની બદલીનો તખ્તો પણ તૈયાર થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદનાં પૂર્વ પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તને નિવૃત થયાને બે મહિનાં જેટલો લાંબો સમય વીતવા છતાં હજુ પણ અમદાવાદ પોલીસ કમિશ્નરની નિમણૂંક કરવામાં આવી નથી. ત્યારે હવે આગામી સમયમાં IPS અધિકારીઓની બદલીની જાહેરાત થયા બાદ અમદાવાદ પોલીસ કમિશ્નરની ગૃહ વિભાગ દ્વારા નિમણૂંક કરવામાં આવે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

આમંત્રણ વિના ક્યાંય પણ જવું ન જોઈએ.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ વદ-૮ પંચક (સાંજે ૬:૫૧ ક.થી સમાપ્ત) તા.૧૦ જુલાઈ ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૨૧, રેવતી નક્ષત્ર, અતિગંડ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૧૩, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સાંજે ૬:૫૯ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# પ્રધાનમંત્રી આવાસયોજનાને કારણે ગરીબ પરિવારોનું ઘરના ઘરનું સપનું થાય છે સાકાર

## 'જે જગ્યાએ માટીની એક કાચી ઓરડી હતી ત્યાં આજે ધાબાવાળું પાકુ મકાન છે, સપનામાંય નહોતું વિચાર્યું એવુ પ્રધાનમંત્રી આવાસ યોજના થકી ઘરનું ઘર મળ્યું' - પાલીબેન ધુળાભાઈ રાવળ

(જી.એન.એસ), અમદાવાદ,તા.૧૦

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રાજ્યના જરૂરતમંદ પરિવારોનું ઘરના ઘરનું સ્વપ્ન પૂર્ણ થવા પામ્યું છે. સરકારે આ યોજના હેઠળ સામાન્ય શ્રમજીવૂ લોકોના માથે પણ પાકી છતનો આધાર કર્યો છે. આ આવાસ યોજના ગ્રામ્ય અને શહેરી એમ બે વિભાગમાં વહેંચાયેલી છે. ત્યારે ગાંધીનગર મહાનગર વિસ્તારમાં સમાવેશ વાવોલ ગામમાં પ્રધાનમંત્રી આવાસયોજના શહેરી વિસ્તાર અંતર્ગત પણ ઘણા પરિવારને પાકા ઘર મળ્યા છે. જેમાં વાવોલ ગામના રાવળ વાસ માં રહેતા ધુળાભાઈ મહેરતાબભાઈ રાવળ તથા બીજા લાભાર્થી શકરીબેન ગણેશભાઈ રાવળે પણ આ યોજના ની સહાય થી આજે પાકુંઘર બનાવ્યું છે. ધુળાભાઈ આ અંગે જણાવે છે કે, સરકારની સહાયથીજ ઘરના ઘરનું તેમનું સપનું સાકાર થયું છે.તેમનો છ સભ્યોનો પરિવાર છે. જેમાં ત્રણ નાના બાળકો છે, બાકીના સભ્યો છૂટક મજૂરી કામ કરે છે. "ક્યારેક કડિયા કામ તો ક્યારેક ખેત મજૂરી, જ્યારે જે કામ મળ્યું તે ખરું! આવી પરિસ્થિતિમાં પાકું ધાબા વાળું ઘર બનાવવાનું તો સપને નહોતું વિચાર્યું." આ શબ્દો ધુળાભાઈના પત્ની પાલીબેનના છે. તેઓ પોતાના જ ઘરને ફરી ફરી નિહાળતા ખુશીથી જણાવે છે કે, આવા ઘરમાં રહેવાનું નસીબ એ સરકારની યોજના નું પરિણામ છે. થોડા સમય પહેલા આ ઘરની જગ્યાએ માટીની એક કાચી ઓરડી હતી. વાદળછાયુ વાતાવરણ થાય એટલે જીવ ગભરાય. બધા કામ મૂકી દર વર્ષે કાચી ઓરડીની મરામત કરવાની અને તોય એક વરસાદ પડે ને ઓરડી આખીયે પાણી પાણી! એમાંય વળી પવન ફૂંકાય તો ભીતો ધસી પડે કે પતરા માથે પડે એની બીક લાગે. ધુળાભાઈ જણાવે છે કે આ સમય દરમિયાન તેમના ગામના અગ્રણીઓ દ્વારા વાતચીતમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની તેમને જાણ થઈ. તેમણે અરજી કરીને આ યોજનાનો લાભ લીધો. આજે તેમની કાચી ઓરડીની જગ્યાએ રૂમ રસોડાવાળું પાકું ઘર છે. તેમને સરકારના 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત શૌચાલયની સુવિધા મળી છે. આજે તેઓ આ સુવિધા નાં લાભ બદલ સરકારનો આભાર માનતા જણાવે છે કે, "જ્યારે જ્યારે ઘરના ઉંબરે ઉભા રહી ઘર નિહાળીએ છીએ ત્યારે ત્યારે આ સપના જેવું લાગે છે. અમે તો સપનામાંય વિચાર્યું નહીં એ સરકારે આપ્યું છે. ચાર પાકી દિવાલ અને માથે છતનો આશરો તો ખરો જ, ઉપરાંત શૌચાલય માટે પડતી તકલીફ પણહવે સરકારે દૂર કરી". આ સુવિધા બદલ ધુળાભાઈ અને તેમનો પરિવાર સરકારનો અને ખાસકરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માને છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાનો એક મુખ્ય ઉદ્દેશ એ પણ છે કે બેઘર અને કાચા મકાનોમાં રહેનારાઓને પાક્કા મકાનોના નિર્માણમાં મદદ કરવા માટે આર્થિક સહાય પૂરી પાડવી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગાંધીનગરના નિયામકશ્રી બી.કે પટેલ આ વિશે જણાવે છે કે "મોઘંવારીના સમયમાં જ્યારે ગરીબ અને સામાન્ય પરિવાર માટે પોતાનું પાકુ ઘર હોવુ એક સપના જેવુ છે ત્યારે, સરકારની PMAY ગ્રામીણ યોજના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે જિલ્લાના ૪૯૧૮ જેટલા ગરીબ પરિવારોને પાકા આવાસો નો લાભ મળ્યો છે. અને તેઓ ખુશહાલ અને સુરક્ષિત જીવન જીવી રહ્યા છે". PMAY શહેરી યોજના વિશે વાત કરવામાં આવેતો ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ હેઠળના વિસ્તારમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન અફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટનરશીપ (AHP) અંતર્ગત આ યોજના અંતર્ગત પૂર્ણ થયેલ બાંધકામ ની સંખ્યા ૮૨૮ છે. તથા બેનિફિશ્યરી લેડ કન્સ્ટ્રક્શન (BLC)હેઠળ PMAY 2021- 22 માં ૩૩૯ લાભાર્થીઓની અરજી મંજૂર થયેલ છે.જે અંતર્ગત શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પોતાની જમીન પર મકાનનું નવીનીકરણ અથરવા બાંધકામ કરવા જરૂરતમંદ લોકોને નાણાકીય સહાય આપવામાં આવે છે. ધુળાભાઈનાં પરિવારની જેમ આ યોજનાથી જરૂરતમંદ અનેક પરિવારોના ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. આવા પરિવારોના ચહેરા પરનો આવાસસુખનો આનંદ વાંચી શકાય છે.

# મનુષ્યોની જેમ હાથીઓને પણ ખોરાકમાં વિવિધતાની જરૂર છે

## અભ્યાસમાં જોવા મળેલું આ મોટે ભાગે સરળ પરિણામ સંરક્ષણ વ્યૂહરચના અને વન્યજીવ સંરક્ષણ માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે છે, પ્રાણીઓનો આહાર નિશ્ચિત હોય છે



નવી દિલ્હી, તા.૧૦

પ્રાણીઓનો આહાર નિશ્ચિત હોય છે અને તેમનામાં આવા ફેરફારો જોવા મળતા નથી કે, તેમના ખોરાકમાં વિવિધતા જોવા મળતી નથી. પરંતુ માણસ એકમાત્ર એવું પ્રાણી છે કે, જેના ખોરાકમાં વિવિધતા હોય છે અને તેને તેના ખોરાકમાં એકવિધતા ગમતી નથી. પરંતુ આ કિસ્સામાં, જ્યારે હાથીઓની વાત આવે છે, તો આપણે જાણીએ છીએ કે, તેઓ છોડ ખાય છે, પરંતુ જો તેઓ છોડમાં શું ખાય છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવે તો વાર્તા અન્ય પ્રાણીઓની તુલનામાં થોડી રસપ્રદ અને તદ્દન અલગ બની જાય છે. એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, હાથીઓને પણ માણસોની જેમ તેમના આહારમાં વિવિધતા પસંદ છે. સંરક્ષણ જીવવિજ્ઞાનીઓ સહિતની વૈશ્વિક ટીમના અભ્યાસમાં, બ્રાઉને કેટલીક નવીન પદ્ધતિઓનો ઉપયોગ કર્યો અને કેન્યામાં હાથીઓના બે જૂથોની આહારની આદતોનું ચોક્કસ અને અસરકારક રીતે વિશ્લેષણ કર્યું. આનાથી તેઓ શોધી શક્યા કે કયા જૂથો કયા પ્રકારના છોડને પસંદ કરે છે. આ સાથે, તેઓ હાથીઓના જૂથોની ખાવાની આદતો વિશે કેટલીક મહત્વપૂર્ણ માહિતી મેળવવામાં સક્ષમ હતા, જે જીવવિજ્ઞાનીઓને તેમના સંરક્ષણના માર્ગો શોધવામાં મદદ કરી શકે છે. આ અભ્યાસ તાજેતરમાં રોયલ સોસાયટી ઓપન સાયન્સમાં પ્રકાશિત થયો છે. અભ્યાસના લેખક ટેલર કાર્ટઝીનલ કહે છે કે, સંરક્ષણવાદીઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે, જ્યારે પ્રાણીઓને તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતો ખોરાક મળતો નથી, ત્યારે તેઓ હજુ પણ અમુક રીતે ટકી રહે છે, પરંતુ વિકાસ કરી શકતા નથી. કાર્ટઝીનલ બ્રાઉન ખાતે પર્યાવરણીય અભ્યાસ અને ઈકોલોજી, ઈવોલ્યુશન અને ઓર્ગેનિઝમલ બાયોલોજીના સહાયક પ્રોફેસર છે. તેમણે કહ્યું કે, દરેકના આહારને સારી રીતે સમજીને આપણે હાથી, ગેંડા, ભેંસ જેવી પ્રજાતિઓનું વધુ સારી રીતે સંરક્ષણ કરી શકીએ છીએ અને તેમની વસ્તી વૃદ્ધિ સુનિશ્ચિત કરી શકીએ છીએ. તેમના અભ્યાસ માટે વૈજ્ઞાનિકોએ જૈવિક નમૂનાઓની રચનાને ઓળખવા માટે ડીએનએ મેટાબારકોડિંગ નામની આનુવંશિક તક્નીકનો ઉપયોગ કર્યો. આ કરવા માટે, તેઓએ હાથીના ખોરાકનું પ્રતિનિધિત્વ કરતા ડીએનએ ટુકડાઓની તુલના છોડના ડીએનએ બારકોડ્સની લાઈબ્રેરી સાથે કરી.

સંશોધકોએ આ ટેક્નોલોજી માટે એપ્લિકેશન્સ વિકસાવી અને મોલેક્યુલર બાયોલોજી અને કોમ્પ્યુટર સાયન્સમાં સંશોધકોને એકસાથે લાવ્યા જેથી સંરક્ષણવાદીઓને સમસ્યાનો ઉકેલ શોધવામાં મદદ મળી શકે. આ પ્રથમ વખત છે કે DNA મેટાબારકોડિંગનો ઉપયોગ પ્રાણીઓના સામાજિક જૂથના પ્રશ્નોના જવાબ આપવા માટે કરવામાં આવ્યો છે, જેમ કે તેઓ કેવી રીતે નક્કી કરે છે કે કુટુંબમાં શું ખાવું અથવા શું ખાવું. હાથીઓનું નજીકથી નિરીક્ષણ કરવું ખૂબ મુશ્કેલ છે. તેમને આ રીતે જોઈને, તેમના ખોરાક વિશે માહિતી એકત્રિત કરવી લગભગ અશક્ય છે. અગાઉના અભ્યાસમાં એવું જાણવા મળ્યું હતું કે, હાથીઓ વરસાદના દિવસોમાં લીલું તાજું ઘાસ અને સૂકા ઉનાળાના દિવસોમાં ઝાડના ભાગો ખાય છે. પરંતુ આ અભ્યાસમાં સંશોધકોને વધુ વિવિધતા જોવા મળી. હાથીના છાણના ડીએનએનું પૃથ્થકરણ કર્યા બાદ અને તેને છોડની ડીએનએ લાઈબ્રેરી સાથે સરખાવ્યા બાદ જાણવા મળ્યું કે હાથીઓ સમૂહમાં સાથે રહેતા હોય ત્યારે પણ તે જ ખોરાક ખાતા નથી.

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૧૦-૦૭-૨૦૨૩ થી ૧૬-૦૭-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન કેટલાક અણગમતા તો કેટલાક અપ્રિય બનાવોમાંથીપસાર થવું પડે. નાણાંકીય રીતે જોવા જઈએ તો આવક-જાવકનું પાસુ સરભર રહે. નાની-નાની વાતોમાં મનદુઃખ જેવો અનુભવ થાય. વાણી પર કાબુ રાખવો જરૂરી બને. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં પ્રગતિકારક પરિણામો આવે. મોસાળના સગા-સંબંધિઓ દ્વારા લાભ મેળવી શકશો. નોકરી-ધંધાને લગતી સમસ્યા હશે તો તેનો ઉકેલ આવે. બીજા કાર્યો કરવા જતા અપયશના ભાગીદાર ન બની જવાય તેની કાળજી રાખજો.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

પારિવારીક ક્ષેત્રે કાર્ય કરતા કોઈ ગુંચવણ પેદા ન થાય તે જોજો. આર્થિક આયોજનો સફળતાપૂર્વક પાર પડે. મોજ-શોખની નવી વસ્તુની ખરીદી થાય. રચનાત્મક પ્રવૃત્તિઓનો વેગ મળે. રોષને કાબુમાં રાખશો તો નાના-મોટા કાર્યો સરળતાથી પાર પાડી શકશો. લાંબા પ્રવાસનું આયોજન થાય. ભાગીદારી વર્ગ સાથે વાણી ઘર્ષણ થવાનો સંભવ છે. દરેક કાર્યમાં ધીરજપૂર્વક આગળ ધપવું લાભદાયી નીવડે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

નાણાંકીય મુશ્કેલીઓ ઊભી થાય પરંતુ તેનો ઉકેલ પણ આપબળે લાવી શકવાવમાં સફળ રહેશો. પારિવારીક સભ્યોની લાગણીને ઠેસ ન પહોંચે તેની સંભાળ રાખજો. ધંધાકીય ક્ષેત્રે બુધ્ધિપૂર્વક કાર્ય કરવું. નોકરીયાત વર્ગને નવિન લાભની તક મળે. બઢતી-બદલીના પ્રશ્નોનો ઉકેલ આવે. પ્રિયજનનું સાનિધ્ય પ્રાપ્ત કરી શકશો. મિત્ર-વર્તુળ સાથે વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ. ખાવા-પીવામાં કાળજી રાખવી. પ્રવૃત્તિશીલ રહેવું હિતાવહ.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

નોકરી-ધંધામાં મધ્યમ ફળ પ્રાપ્ત થાય. વડીલ વર્ગ કે ભાઈ-બહેનનો સ્વભાવ અનુકૂળ રહે. નાણાંકીય સમસ્યાઓ દૂર થતી જાય. કૌટુંબિક સુખ જળવાઈ રહે. વ્યર્થ ઉગ્ર ન થવું હિતાવહ. ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું. વ્યર્થ દોડા-દોડી રહે. આકસ્મીક પ્રવાસ કે મુસાફરીના યોગ છે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

સપ્તાહની શરૂઆતમાં જ તમારો ભાગ્યોદય થતો અનુભવાય. એકંદરે આ સમય તમારા માટે મજાનો નીવડે. ધંધાદારી સંબંધો અકબંધ રીતે જળવાઈ રહે. નોકરીયાત વર્ગને સમસ્યાનો ઉકેલ આવી જાય. કૌટુંબિક વાદ-વિવાદમાં ન પડવું. મિત્ર વર્ગ પાસેથી મદદની અપેક્ષા ન રાખવી. રોકાયેલા નાણાં છૂટા થાય. વડીલ વર્ગના આરોગ્યની કાળજી રાખવી. તમારા મનના ધાર્યા કાર્યોમાં સફળતા મેળવી શકશો. વિશ્વાસે વહાણ ન ચલાવવું સલાહભર્યું છે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

સામાજિક ક્ષેત્રમાં કાર્ય સફળતા તમને વિચારતા કરી મૂકે. નાણાંકીય દ્રષ્ટિએ મધ્યમ ફળદાયી સમય છે. નોકરીયાત વર્ગને અપયશના ભાગીદાર ન બની જવાય તેની કાળજી રાખવી. અધિકારી વર્ગ કે વડીલ વર્ગ સાથે ખટપટમાં ન ઉતરવું. મિત્ર વર્ગ કે ભાઈ-બહેનની મદદ મળે. કાર્ય સફળતા માટે મહેનત વધારશો તો લાભ મેળવી શકશો. ગુપ્ત શત્રુઓ કે હિતશત્રુઓને પીછેહટ કરવી પડે. નવિન શુભ સમાચાર મળે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

જીવનસાથીના સહકારથી તમારી પ્રગત્તિના નવા રસ્તા ખૂલતા જોવા મળે. અકારણ આવતા ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ. નોકરી-ધંધાના ક્ષેત્રમાં ધાર્યા લાભ મેળવી શકશો. પરિશ્રમનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. નાણાંકીય સંકટમાંથી માર્ગ મળે. જૂના સંબંધો દ્વારા લાભ મળે. પડોશી વર્ગ સાથે મનદુઃખ સર્જાય. વાણી-વર્તનમાં જાગૃતિ રાખવી. નાણાંકીય સમસ્યા દૂર થાય તેવી પરિસ્થિતિનું સર્જન થાય.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

ધંધાકીય ક્ષેત્રમાં મન ઓછું લાગે. મિત્રો સાથે મનદુઃખના પ્રસંગો સર્જાય. આરોગ્ય બાબતે સંભાળવું જરૂરી બને. નાણાંકીય વ્યવહારો કરવા માટે આ સમય સારો ગણાવી શકાય. નિરાશામય વાતાવરણનો કારણે મનામાં તનાવ અનુભવાય. વિરોધીવર્ગ સાથે સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ છે. પડોશીવર્ગ સાથે મતભેદ સર્જાય. સપ્તાહના અંતે નવિન લાભ થાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

નાણાંકીય મૂંઝવણ દૂર કરી શકશો. સામાજિક યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. ભાગ્યોદય થતો જોવા મળે. વિરોધીવર્ગને પીછેહટ કરવાનો વખત આવે. તમારા હાથે કોઈ શુભ કાર્ય થાય. મિત્રો-સંબંધિઓ સાથે ઉગ્રતાપૂર્વકનું વર્તન ન થઈ જાય તેની તકેદારી રાખજો. માનસિક ચિંતાનો ઉકેલ લાવી શકશો. નોકરી-વ્યવસાયના ક્ષેત્રમાં લાભદાયી સમય રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

તમારા મનના ધારેલા કાર્યોને આકાર આપવાનો અનુકૂળ સમય છે. આરોગ્ય સંબંધિ ચિંતા દૂર થાય. નાણાંકીય બાબતો માટે ઉત્તમ સમય ગણાવી શકાય. વ્યર્થ ખર્ચનું પ્રમાણ વિશેષ રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી વર્ગથી સાવચેત રહેવું. ભાઈ-બહેનની મદદ મેળવી શકશો. કાર્યમાં મન પરોવાય. મનમાં પ્રફુલિતતા અનો તાજગી અનુભવાય.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

જીવનાસાથીના આરોગ્ય અંગે મનમાં થોડી મૂંઝવણ અનુભવાતી જોવા મળે. સામાન્ય રીતે કૌટુંબિક જીવનમાં સુખ-સમૃધ્ધિનો વધારો થાય. નાણાંકીય મૂંઝવણનો ઉકેલ મળે. તમારા કાર્યમાં અવરોધ કરનારાઓને પીછેહટ કરવી પડે. અકારણ જીદ ન કરી બેસો તેની કાળજી રાખજો. વ્યાપાર-ધંધામાં સાવચેતી પૂર્વક પગલા ભરવા. પ્રવાસ-મુસાફરીથી દૂર રહીને કાર્ય કરવા. સપ્તાહના અંતે ખૂબ જ આનંદદાયકત પરિસ્થિતિ સર્જાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

મનમાં અજ્ઞાત ભય સતાવતો હોય તેવું અનુભવાય. કૌટુંબિક કાર્યમાં અણધારી સફળતા મેળવી શકશો. તમારા કાર્યો અટકી-અટકીને આગળ ધપતા જાય. પડોશી વર્ગની મદદથી મહત્વના કાર્યોમાં સફળતા મળે. વાહન-વ્યવહારથી સંભાળવું. નવા કોઈ સાહસિક કાર્યો ન કરવા અથવા મુલત્વી રાખવા. જીવનસાથીની ખોટી શંકાના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખવી.

### એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ સ્ટેટીસ્ટીક્સ-૨૦૨૩ના અહેવાલ અનુસાર

# રોજગારીની યોગ્ય તકો પૂરી પાડી ગુજરાત ૨૦૦૨થી સતત પ્રથમ ક્રમે

## અનુસૂચિત જાતિ, જનજાતિના યુવાઓને રોજગારી આપવામાં પણ પ્રથમ

ગાંધીનગર, તા.૧૦

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા તાજેતરમાં દર વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવતા અહેવાલ અંગે માહિતી આપતા શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, રોજગાર કચેરીઓ દ્વારા યુવાઓને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત વર્ષ ૨૦૦૨થી દેશમાં સતત પ્રથમ ક્રમાંકે છે. જે અનુક્રમને ગુજરાતે આ વર્ષે પણ જાળવી રાખ્યો છે. તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલા 'એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટીસ્ટીક્સ–૨૦૨૩' મુજબ વર્ષ ૨૦૨૨ દરમ્યાન રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત ફરી એકવાર પ્રથમ ક્રમે આવ્યું છે, જે ગુજરાત માટે ગૌરવની વાત છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, યુવાઓને રોજગાર માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ રહી રોજગાર મેળા સહિતના અનેક પ્રયાસો હાથ ધરી રહી છે. જેના પરિણામે જ આજે ગુજરાત રોજગારી પૂરી પાડવામાં સતત અવ્વલ રહ્યું છે. વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ દરમ્યાન ૫ વર્ષના સમયગાળામાં રોજગાર કચેરીઓ દ્વારા ૧૫ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. આ સમયગાળામાં ૭ હજારથી વધુ ભરતીમેળાના આયોજન થકી જ રાજ્યના આશરે ૮ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી મળી છે. આટલું જ નહિ, ગુજરાતના યુવાનોને રોજગારીની તકો આપવા તેમજ નોકરીદાતાઓને તેમની જરૂરીયાત મુજબનું માનવબળ ઓનલાઈન વ્યવસ્થાથી પૂરી પડવાના હેતુ સાથે રાજ્ય સરકારે નવતર પહેલના ભાગરૂપે "અનુબંધમ" વેબપોર્ટલ તથા મોબાઈલ એપ વિકસાવી છે. આજે આ વેબપોર્ટલ નોકરીદાતાઓ અને રોજગારવાંચ્છુઓ વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવી રહી છે, તેમ મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું. 'એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટીસ્ટીક્સ–૨૦૨૩'માં જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૨માં દેશભરના રાજ્યો દ્વારા કુલ ૬,૪૪,૬૦૦ યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. જેના ૪૩ ટકા એટલે કે ૨,૭૪,૮૦૦ જેટલા યુવાનોને ગુજરાતે રોજગારી પૂરી પાડી છે. આ ઉપરાંત સમગ્ર દેશમાં ખાલી પડેલી ૧૩,૬૭,૬૦૦ જેટલી જગ્યાઓની નોંધણી કરવામાં આવી છે, જેની સામે ગુજરાત ૩,૫૯,૯૦૦ ખાલી જગ્યાઓની નોંધણી સાથે દેશમાં બીજા ક્રમે છે. ગત માર્ચ-૨૦૨૩માં પ્રસિદ્ધ થયેલા અહેવાલમાં દર્શાવ્યા અનુસાર ગુજરાત અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિના યુવાનોને રોજગારી પૂરી પાડવામાં પણ દેશમાં પ્રથમ છે. ભારતમાં વર્ષ ૨૦૨૨ દરમ્યાન અનુસૂચિત જાતિના ૩૮,૭૦૦ યુવાનોને રોજગારી આપવામાં આવી, જેની સામે ગુજરાતમાં તેના ૫૮ ટકા એટલે કે, ૨૨,૬૦૦ અનુસૂચિત જાતિના યુવાનોને રોજગારી આપવામાં આવી છે. આ ઉપરાંત ભારતમાં અનુસૂચિત જનજાતિના ૨૨,૦૦૦ ઉમેદવારોને વર્ષ ૨૦૨૨માં નોકરી મળી, તેના ૮૬ ટકા એટલે કે ૧૯,૧૦૦ અનુ. જનજાતિના યુવાનોને ગુજરાતમાં રોજગારી અપાઈ છે. અહેવાલ અનુસાર ગુજરાત રાજ્ય મહિલાઓને રોજગારી પૂરી પાડવામાં સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. ભારતભરમાં વર્ષ ૨૦૨૨ દરમ્યાન કુલ ૧,૨૨,૭૦૦ મહિલાઓને રોજગારી આપવામાં આવી છે, જેની સામે ગુજરાત દ્વારા ૪૫,૮૦૦ એટલે કે ૩૭ ટકા જેટલી મહિલાઓને રોજગારી પૂરી પાડવામાં આવી છે.

# ૧૪ જુલાઈએ લોન્ચ થશે ચંદ્રયાન-૩, ઈસરોની જાહેરાત

હરીકોટા તા.૧૦

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ બહુપ્રતીક્ષિત મિશન ચંદ્રયાન-૩ની પ્રક્ષેપણ તારીખની જાહેરાત કરી દીધી છે, તેઅનુસાર ચંદ્રયાન-૩ આગામી ૧૪ જુલાઈએ બપોરે ૨:૩૫ કલાકે લોન્ચ થશે. અગાઉ ઈસરોએ ૧૨ અને ૧૯ જુલાઈ વચ્ચેની તારીખ નક્કી કરી હતી. ચંદ્રયાન-૩નું વિશેષ ધ્યાન ચંદ્રની સપાટી ઉપર સુરક્ષિત ઉતરાણ કરવા ઉપર રહેશે. આ અગાઉ ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથે કહ્યું હતું કે, અંતરિક્ષ ક્ષેત્રમાં ભારતની આ બીજી મોટી સફળતા હશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ચંદ્રયાન-૨ પછી આ મિશનને ચંદ્રની સપાટી ઉપર સુરક્ષિત લેન્ડિંગ માટે મોકલવામાં આવી રહ્યું છે. ચંદ્રયાન-૨ મિશન છેલ્લાં તબક્કામાં નિષ્ફળ ગયું હતું. તેનું લેન્ડર ચંદ્રની સપાટી ઉપર આંચકા સાથે અથડાયું હતું. ત્યારબાદ પૃથ્વીના કંટ્રોલ રૂમ સાથેનો તેનો સંપર્ક તૂટી ગયો હતો. ચંદ્રયાન-૩ એ જ અધૂરા મિશનને પૂર્ણ કરવા માટે મોકલવામાં આવી રહ્યું છે. ઈસરોના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચંદ્રયાન-૩ મિશન ચંદ્રયાન-૨નો જ આગળનો તબક્કો છે, જે ચંદ્રની સપાટી ઉપર ઉતરશે અને પરીક્ષણો હાથ ધરશે, તે ચંદ્રયાન-૨ જેવુંજ દેખાશે. તેમાં ઓર્બિટર, એક લેન્ડર અને એક રોવર હશે. ચંદ્રયાન-૩નું ધ્યાન ચંદ્રની સપાટી ઉપર સુરક્ષિત ઉતરાણ કરવા ઉપર છે. અલ્ગોરિધમ્સને વધુ સચોટ કરવામાં આવ્યું છે. ચંદ્રયાન-૨ મિશન ચંદ્રની સપાટી ઉપર ઉતરવામાં નિષ્ફળ ગયું તેના કારણો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ અગાઉ, રાષ્ટ્રીય અંતરિક્ષ એજન્સીએ કહ્યું હતું કે, ચંદ્રયાન-૩ ધરાવતી એન્કેપ્સ્યુલેટેડ એસેમ્બલીને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરમાં ન્ફસ્૩ની સાથે જોડવામાં આવી હતી. આ મિશન ભારતને અમેરિકા, રશિયા અને ચીન પછી ચંદ્ર ઉપર સોફ્ટ લેન્ડ કરનારો વિશ્વનો ચોથો દેશ બનાવી દેશે.

# કોવિડનો ચેપ અને પ્રદૂષણથી અચાનક કાર્ડિયાક અરેસ્ટમાં ત્રણ ગણો વધારો થઈ શકે છે : ટોચના કાર્ડિયોલોજિસ્ટની ચેતવણી



નવી દિલ્હી,તા.૧૦

દેશમાં વધતા જતાં પ્રદૂષણના સ્તર અને કોવિડ-૧૯ને કારણે ભારતમાં અચાનક કાર્ડિયાક અરેસ્ટ (SCA)ની સંખ્યામાં ૨-૩ ગણો વધારો થઈ શકે છે. ટોચના ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટે જણાવ્યું હતું કે, SCA અને કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન (CPR) માટે જાગરૂકતા વધારવા માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને આવા એક કાર્યક્રમમાં ફોર્ટિસ એસ્કોર્ટ્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ ડૉ. અશોક સેઠે જણાવ્યું હતું કે, કૌટુંબિક ઈતિહાસ, નબળું પોષણ, સ્થૂળતા, બેઠાડુ જીવનશૈલી અને કસરતનો અભાવ સાથે SCA માટે પ્રદૂષણ અને કોવિડની બીમારી પણ જોખમી પરિબળો છે. સડન કાર્ડિયાક અરેસ્ટ (હૃદય રોગનો ગંભીર હુમલો) એ જીવન માટે જોખમી સ્થિતિ છે જેમાં વ્યક્તિનું હૃદય કામ કરવાનું બંધ કરી દે છે અને અચાનક મૃત્યુ થઈ શકે છે. તેમને કહ્યું કે, લગભગ ૭૦ ટકા લોકો જેમને SCA થાય છે જો તેઓને ૫ મિનિટની અંદર CPR આપવામાં આવે તો તેઓને પુનર્જીવિત કરી શકાય છે. કાર્ડિયોવેસ્ક્યુલર રોગો, અથવા સીવીડી, એ હૃદયની સ્થિતિ છે જેમાં રોગગ્રસ્ત વાહિનીઓ, માળખાકીય સમસ્યાઓ અને લોહીના ગંઠાવાનું સમાવેશ થાય છે. ભારતમાં પહેલાથી જ CVD મૃત્યુનો દર વધુ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, દર વર્ષે દેશમાં કુલ મૃત્યુના ૨૭ ટકા અને ૪૦-૬૯ વર્ષની વય જૂથમાં મૃત્યુના ૪૫ ટકા હિસ્સો ધરાવે છે. ડો. શેઠે જણાવ્યું હતું કે, કોવિડ૧૯ રોગચાળા બાદથી, મોટી સંખ્યામાં યુવાનો હૃદયની વિવિધ બિમારીઓ સાથે હોસ્પિટલોમાં દાખલ થવું પડે છે. કોવિડ કોરોનરી ધમનીઓ ઉપર સોજો લાવે છે અને આ અવરોધ તરફ દોરી જાય છે અને લોકોને અસર કરે છે. શરૂઆતમાં, અમે માનતા હતા કે તે રોગચાળા દરમ્યાન જ થઈ રહ્યું છે અને પછી તે ઓછું થઈ જશે પરંતુ અમે સતત જોઈ રહ્યા છીએ કે લોકોના હૃદયના સ્નાયુઓને અસર થઈ છે અથવા હૃદયના સ્નાયુઓમાં નબળાઈ આવી ગઈ છે. ગયા વર્ષે નેચર જર્નલમાં યુએસ સંશોધકો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા એક અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું હતું કે, કોવિડ ચેપ પછીના પ્રથમ ૩૦ દિવસ પછી, કોવિડ-૧૯ ધરાવતા વ્યક્તિઓને મગજ સંબંધી વિકૃતિઓ સહિત અનેક કેટેગરીમાં કાર્ડિયોવેસ્ક્યુલર રોગોનું જોખમ વધારે હતું. આ અભ્યાસ મુજબ, આ જોખમો એવા લોકોમાં પણ સ્પષ્ટ હતા જેઓ કોવિડ ચેપના તીવ્ર તબક્કા દરમ્યાન હોસ્પિટલમાં દાખલ ન હતા. કોવિડ-૧૯ એ ચોક્કસપણે લોકોને હૃદયના રોગો માટે વધુ સંવેદનશીલ બનાવ્યા છે કારણ કે કોવિડના ૫૦ ટકા જેટલા દર્દીઓએ જ્યારે તપાસ કરવામાં આવે ત્યારે હૃદયની નબળાઈ દર્શાવે છે. કોવિડ-૧૯ની રસીઓમાં પણ આડ-અસરનું જોખમ હોય છે. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ, જે દેશની બાયોમેડિકલ સંશોધન માટેની સર્વોચ્ચ સંસ્થા છે, તેણે કોવિડ-૧૯ રસીકરણ અને હાર્ટ એટેકના વધતા જતા કિસ્સાઓ વચ્ચે કોઈ સંબંધ છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવા સંશોધન કરી રહ્યું છે. ડાયાબિટીસ લાંબા સમય સુધી કોઈ લક્ષણો દર્શાવ્યા વિના હોય શકે છે. હાયપરટેન્શન અને ઉચ્ચ કોલેસ્ટ્રોલનું પણ લક્ષણો વિના અસ્તિત્વમાં હોઈ શકે છે. માટે લોકોએ ચિકિત્સકની સલાહ લીધા પછી સમયાંતરે મૂળભૂત પરીક્ષણો કરાવવા જોઈએ. ઈકોકાર્ડિયોગ્રામ એક ખૂબ જ યોગ્ય ટેસ્ટ છે જે દર પાંચ વર્ષે પુનરાવર્તિત થઈ શકે છે. વધુમાં, લોકોએ શ્વાસ લેવામાં તકલીફ જેવા લક્ષણોની અવગણના ન કરવી જોઈએ. ભારતમાં અચાનક કાર્ડિયાક અરેસ્ટ દરમ્યાન બચવાનો દર માત્ર ૧ ટકા છે કારણ કે કટોકટી તબીબી સેવાઓની ઉપલબ્ધતા, પ્રોમ્પ્ટ બાયસ્ટેન્ડર CPR, અને ડિફિબ્રિલેશનની ઍક્સેસ જેવા પરિબળોથી પ્રભાવિત છે.

### જીવન જરૂરી વસ્તુના વધતા ભાવે લોકોની કમર તોડી

# ટામેટાના ભાવ બાદ મસાલાના ભાવમાં પણ જંગી વધારો થયો

## ૧૫ દિવસોમાં જોરદાર વધારો, મસાલાની મોંઘવારીની પાછળ ઓછી વાવણી-ઓછું ઉત્પાદનનું કારણ ગણાવાય છે

નવી દિલ્હી, તા.૧૦

દેશમાં ટામેટા ઉપરાંત અન્ય શાકભાજીની વધતી કિંમતોએ સામાન્ય માણસની કમર તોડી નાંખી છે. ટામેટાના ભાવ ૧૫૦-૧૬૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે. દરમ્યાન મોંઘવારીમાં 'આટા ગીલા' જેવી કહેવત સાચી સાબિત થતી જોવા મળી રહી છે કેમ કે હવે ભારતીય રસોડાના સૌથી મહત્વના ભાગ મસાલાના ભાવ પણ ખૂબ જ વધી રહ્યા છે. ભારતીય રસોડાની શાન ગણાતા મસાલા જે ભોજનમાં સ્વાદ ઉમેરે છે, તે હવે મોંઘવારીનો ઝટકો સામાન્ય માણસને આપી રહ્યા છે. રિપોર્ટ અનુસાર મુંબઈના મસાલા બજારમાં અચાનક મસાલાના ભાવમાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે અને ગત ૧૫ દિવસોમાં જ કિંમતોમાં જોરદાર વધારો થયો છે. મસાલાના ભાવ જોતા ખબર પડે છે કે ઘણા મસાલાના ભાવ લગભગ બમણા થઈ ચૂક્યા છે. કાશ્મીરી મરચુ જે પહેલા ૩૦૦-૫૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે હતુ તે હવે ૫૦૦-૭૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળી રહ્યુ છે. જીરૂં અત્યારે માર્કેટમાં ૮૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળી રહ્યુ છે અને આના હોલસેલ માર્કેટના રેટ ૫૫૦-૬૮૦ રૂપિયા પ્રતિ કિલો ઉપર જઈ પહોંચ્યા છે. ગરમ મસાલા જે ભોજનના સ્વાદને વધારે છે તેના ભાવમાં તો ૭૨-૮૦ ટકાનો વધારો આ વર્ષે થઈ ચૂક્યો છે. હળદરના ભાવ પણ સતત વધી રહ્યા છે અને આ મુખ્યરીતે આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર અને યુપીમાં ઉછાળા સાથે જનતાને મળી રહ્યા છે. અત્યારે દેશમાં ચોમાસાની સીઝન તો ચાલી રહી છે પરંતુ આ વર્ષે અલ નીનો યર રહેવાનું અનુમાન વર્તાઈ રહ્યુ છે જેના કારણે ઘણા પ્રકારના પાક ઉપર નકારાત્મક અસર પડશે. મસાલાની મોંઘવારીની પાછળ આ વખતે ઓછી વાવણી અને ઓછુ ઉત્પાદનનું કારણ ગણાવાઈ રહ્યુ છે. જોકે દેશમાં મસાલાને લઈને ધીમે-ધીમે ભાવ વધવાના સમાચાર પહેલા પણ આવ્યા છે પરંતુ અત્યારે અચાનકથી ભાવોમાં આવો ઉછાળો આવ્યો એ ચોંકાવનારૂં છે. મસાલા માર્કેટના વેપારીઓ અનુસાર તરબૂચના બીજ જે મસાલા બનાવવાના કામ આવે છે તેમનું એક્સપોર્ટ આ વર્ષે વધ્યુ છે જેના કારણે દેશમાં મસાલાના પ્રોડક્શન ઉપર અસર પડે છે. આ સિવાય ઓછી વાવણી, હવામાનની અસમાનતાની નેગેટીવ અસર પણ મસાલાના પ્રોડક્શન ઉપર જોવા મળી છે.

### કેરળના કિશોરનું મગજના દુર્લભ ચેપથી મૃત્યુ

# આરોગ્ય વિભાગે દૂષિત પાણીમાં ન્હાવા અંગે લોકોને ચેતવણી આપી

(એજન્સી) તા.૧૦

કેરળના અલપ્પુઝા જિલ્લામાં દૂષિત પાણીમાં મુક્ત-જીવંત અમીબાના કારણે દુર્લભ મગજના ચેપથી અસરગ્રસ્ત એક કિશોરનું મૃત્યુ થયું હતું. રાજ્યના આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે જણાવ્યું હતું કે, અલપ્પુઝા જિલ્લામાં પાનાવલ્લીનો વતની ૧૫ વર્ષીય આ યુવકને પ્રાઈમરી એમેબિક મેનિન્ગોએન્સફાલીટીસ નામના રોગનો ચેપ લાગ્યો હતો. આ યુવકના મૃત્યુની પુષ્ટિ કરતા, મંત્રીએ કહ્યું કે રાજ્યમાં અગાઉ આ દુર્લભ ચેપના આવા પાંચ કેસ નોંધાયા હતા. પ્રથમ ૨૦૧૬માં અને અન્ય ૨૦૧૯, ૨૦ અને ૨૨ના વર્ષોમાં આવા કેસો નોંધાયા હતા. તેણીએ તિરૂવનંતપુરમાં પત્રકારોને જણાવ્યું હતું કે આ રોગના મુખ્ય લક્ષણોમાં તાવ, માથાનો દુખાવો, ઉલ્ટી છે અને તેના બધા સંક્રમિત દર્દીઓ મૃત્યુ પામ્યા હતા. ડોક્ટરોએ જણાવ્યું હતું કે જ્યારે મુક્ત જીવંત, બિન પરોપજીવી અમીબા બેક્ટેરિયા નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે ત્યારે માનવ મગજને ચેપ લાગે છે. રોગના ગંભીર સ્વરૂપને ધ્યાનમાં રાખીને, જિલ્લા આરોગ્ય અધિકારીઓએ લોકોને દૂષિત પાણીમાં ન્હાવાનું ટાળવાની સલાહ આપી છે.

# પંચાયત ચૂંટણી : ગણતરીના દિવસ પછી ૧૦ દિવસ સુધી કેન્દ્રીય દળો તૈનાત રહેશે : કલકત્તા હાઈકોર્ટનો આદેશ



કોલકતા, તા.૧૦

કલકત્તા હાઈકોર્ટે કેન્દ્રીય સશસ્ત્ર દળોને પશ્ચિમ બંગાળમાં ૮ જુલાઈની પંચાયત ચૂંટણીના પરિણામો ૧૧ જુલાઈના રોજ જાહેર થયા પછી ૧૦ દિવસ સુધી તૈનાત રહેવાનો નિર્દેશ આપ્યો હતો. પશ્ચિમ બંગાળમાં આ પહેલા પણ ચૂંટણી પછીની હિંસાની ઘટનાઓ બની હતી. તેથી જનતા અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, કેન્દ્રીય દળો રાજ્યમાં ગણતરીના દિવસ પછી ૧૦ દિવસ સુધી તૈનાત રહેશે. ચીફ જસ્ટિસ ટી.એસ.શિવગ્નનમ અને ન્યાયમૂર્તિ હિરન્મય ભટ્ટાચાર્યની ડિવિઝન બેન્ચે નોંધ્યું હતું. દરમિયાન આદર્શ આચાર સંહિતા (MCC)ના ભંગ બદલ રાજ્ય સરકારના જનસંપર્ક કાર્યક્રમ 'સોરસોરી મુખમોંત્રી' (સીધા મુખ્યમંત્રીને) શરૂ કરવા સામે વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર બેન્ચે રાજ્ય ચૂંટણી પંચને આવી બાબતોમાં વધુ સાવચેત રહેવા ચેતવણી આપી હતી. આ કાર્યક્રમ દ્વારા સામાન્ય લોકો તેમની ફરિયાદો સીધી મુખ્યમંત્રી મમતા બેનરજી સુધી પહોંચાડી શકે છે. સુવેન્દુએ આક્ષેપ કર્યો હતો કે જનસંપર્ક કાર્યક્રમ માટે જે ફોન નંબરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે જ છે જેનો ઉપયોગ ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી પહેલા દીદીકબોલો (ટેલ દીદી) નામની સમાન યોજનામાં કરવામાં આવ્યો હતો, જે મૂળભૂત રીતે રાજકીય પહેલ હતી. એસઈસીના વકીલ કિશોર દત્તાએ કોર્ટને માહિતી આપી હતી કે ૧૫ જૂનના રોજ પ્રશ્નાર્થ નંબર પાછો ખેંચી લેવામાં આવ્યો હતો ત્યારપછી બેન્ચે કમિશનને ચેતવણી આપ્યા પછી જઆ મામલો પતાવ્યો. તેમની અરજીમાં અધિકારીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે MCCના ઉલ્લંઘનમાં મતદાનની તારીખ જાહેર થયા બાદ કેટલાક પોલીસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. જો કે, આ મામલો પણ પતાવટ કરવામાં આવ્યો હતો કારણ કે એસઈસીના વકીલે કોર્ટને જાણ કરી હતી કે ટ્રાન્સફર ઓર્ડર ૨૪ જૂને પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.

# ડેટા પ્રોટેક્શન ઉપરના બિલને હવે સંસદમાં રજૂ કરશે, શું છે આ બિલમાં ? જાણો બધું

નવી દિલ્હી તા.૧૦

કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં ડ્રાફ્ટ ડેટા પ્રોટેક્શન બિલને મંજૂરી આપી, સંસદના ચોમાસુ સત્રમાં તેની રજૂઆતનો માર્ગ મોકળો કર્યો છે. જો પસાર કરવામાં આવે તો, સુપ્રીમ કોર્ટે ગોપનીયતાને મૂળભૂત અધિકાર જાહેર કર્યાના છ વર્ષ પછી, કાયદો ભારતનું મુખ્ય ડેટા ગવર્નન્સ ફ્રેમવર્ક બની જશે. કેન્દ્રીય કેબિનેટે બુધવારે ડ્રાફ્ટ ડેટા પ્રોટેક્શન બિલને મંજૂરી આપી, સંસદના ચોમાસુ સત્રમાં તેની રજૂઆતનો માર્ગ મોકળો કર્યો છે. જો પસાર કરવામાં આવે તો, સુપ્રીમ કોર્ટે ગોપનીયતાને મૂળભૂત અધિકાર જાહેર કર્યાના છ વર્ષ પછી, કાયદો ભારતનું મુખ્ય ડેટા ગવર્નન્સ ફ્રેમવર્ક બની જશે. આઈટી અને ટેલિકોમ સેક્ટરમાં ઝડપથી વિકસતા ડિજિટલ ઈકોસિસ્ટમ માટે માળખું પૂરૂં પાડવા માટે આ બિલ ચાર પ્રસ્તાવિત કાયદાઓમાંથી એક છે. કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ, ૨૦૨૨, ગયા નવેમ્બરમાં પ્રસ્તાવિત કાયદાના મૂળ સંસ્કરણની સામગ્રીને જાળવી રાખ્યું હોવાનું માનવામાં આવે છે, જેને ગોપનીયતા નિષ્ણાતો દ્વારા લાલ ઝંડી દેખાડવામાં આવી હતી. કેન્દ્ર સરકાર અને તેની એજન્સીઓ માટે વ્યાપક છૂટ યથાવત રહેશે. કેન્દ્ર સરકારને રાષ્ટ્રીય સુરક્ષા, વિદેશી સરકારો સાથેના સંબંધો અને જાહેર વ્યવસ્થાની જાળવણી સહિત અન્ય બાબતોને ટાંકીને પ્રતિકૂળ પરિણામોમાંથી ''રાજ્યના કોઈપણ સાધન''ને છૂટ આપવાની સત્તા આપવામાં આવશે. ડેટા પ્રોટેક્શન બોર્ડના સભ્યોની નિમણૂકમાં કેન્દ્ર સરકારનું નિયંત્રણ એક ન્યાયિક સંસ્થા જે ગોપનીયતા સંબંધિત બે પક્ષો વચ્ચેની ફરિયાદો અને વિવાદોનો સામનો કરશે તે પણ જાળવી રાખવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. બોર્ડના ચીફ એક્ઝિક્યુટિવની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવશે, જે તેમની સેવાની શરતો પણ નક્કી કરશે. નવા ડ્રાફ્ટને ગયા ઓગસ્ટમાં બહાર પાડવામાં આવ્યો હતો, જ્યારે જૂના વર્ઝનને સંસદમાંથી પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. લગભગ ચાર વર્ષ સુધી કામ ચાલી રહ્યું હતું, જ્યાં તે અનેક પુનરાવર્તનોમાંથી પસાર થયું હતું, સંસદની સંયુક્ત સમિતિ (JCP) દ્વારા તેની સમીક્ષા કરવામાં આવી હતી અને કેટલાક હિતધારકો તરફથી પ્રતિસાદ મળ્યો હતો. સાથે ઝપાઝપી થઈ હતી આમાં ટેક કંપનીઓ અને ગોપનીયતા કાર્યકરોનો સમાવેશ થાય છે. બિલના અંતિમ મુસદ્દામાં મુખ્ય ફેરફારો પૈકી એક એ સમજવામાં આવે છે કે, તે આંતરરાષ્ટ્રીય અધિકારક્ષેત્રોમાં ક્રોસ-બોર્ડર ડેટા ફ્લો સાથે કેવી રીતે વ્યવહાર કરે છે વ્હાઈટલિસ્ટિંગ અભિગમથી બ્લેકલિસ્ટિંગ મિકેનિઝમ તરફ આગળ વધવું. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ, ૨૦૨૨ એ કેન્દ્ર દ્વારા તૈયાર કરવામાં આવી રહેલા ટેકનોલોજી નિયમોના વ્યાપક માળખાનો મુખ્ય આધારસ્તંભ છે, જેમાં ડિજિટલ ઈન્ડિયા બિલનો પણ સમાવેશ થાય છે જે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૦નો પ્રસ્તાવિત અનુગામી છે; ભારતીય ટેલિકોમ બિલ, ૨૦૨૨; અને બિન-વ્યક્તિગત ડેટા ગવર્નન્સ માટેની નીતિ નવેમ્બરમાં જાહેર પરામર્શ માટે બહાર પાડવામાં આવેલા ડ્રાફ્ટમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર એવા દેશો અથવા પ્રદેશોને સૂચિત કરશે કે જ્યાં ભારતીય નાગરિકોનો વ્યક્તિગત ડેટા ટ્રાન્સફર કરી શકાય છે, એટલે કે અધિકારક્ષેત્રોની વ્હાઈટલિસ્ટ જ્યાં ડેટા ટ્રાન્સફરની પરવાનગી આપવામાં આવશે.




**ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ શું છે ?**

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ ગ્રાહકો અને કંપનીઓ બંને માટે તૈયાર કરવામાં આવ્યું છે. જો આ બિલનું એક પાસું ડિજિટલ નાગરિકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, તો બીજી એવી બિઝનેસ કંપનીઓને આવરી લે છે જેને સામાન્ય લોકોના ડેટાની જરૂર હોય છે. આ જ વાતને ધ્યાનમાં રાખીને આ બિલના ૬ મહત્વપૂર્ણ સિદ્ધાંતો રાખવામાં આવ્યા છે.

પ્રથમ નિયમ - લોકોનો પર્સનલ ડેટા કેવી રીતે એકત્રિત કરવામાં આવે છે. એ વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે કે જો કોઈ પણ કંપની લોકોનો પર્સનલ ડેટા એકત્ર કરે છે તો તેણે કાયદાનું સંપૂર્ણ પાલન કરવું જોઈએ. આ ઉપરાંત, કંપનીએ તે ડેટાને કોઈપણ કિંમતે સુરક્ષિત રાખવાની જવાબદારી લેવી પડશે

બીજો નિયમ - જો લોકોનો પર્સનલ ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યો છે, તો તેના માટે કોઈ નક્કર કારણ હોવું જોઈએ. વ્યક્તિઓના પર્સનલ ડેટા ફક્ત જરૂરી હોય ત્યાં સુધી જ સંગ્રહિત થવો જોઈએ. ત્રીજો નિયમ - ફક્ત તેવા જ લોકોનો ડેટા એકત્રિત કરવા જોઈએ, જેની જરૂરી છે. દરેક ડેટા લેવો, તેને તમારી પાસે સંગ્રહ કરવો એ ખોટી વાત છે.

ચોથો નિયમ - જો કોઈ પણ પરિસ્થિતિમાં લોકોનો પર્સનલ ડેટા ચોરાઈ જાય, અથવા તેનો દુરૂપયોગ થાય, તો તેની જવાબદારી કોણ લેશે. જો ડેટા ચોરી જેવી કોઈ ઘટના બને તો તાત્કાલિક ડેટા પ્રોટેક્શન બોર્ડને તેની જાણ કરવી જરૂરી છે.

**ડેટા ચોરી થાય તો કંપની કે આરોપીને થશે ૫૦૦ કરોડનો દંડ**

આ બિલનું એક મહત્વનું પાસું એ છે કે જો કોઈપણ પ્રકારનો ડેટા ચોરાય તો પણ જે-તે જવાબદાર કંપની અથવા આરોપી વ્યક્તિને ૫૦૦ કરોડ રૂપિયા સુધીનો તોતિંગ દંડ કરવાની જોગવાઈ છે. એ વાત ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે કે જો કોઈનો પર્સનલ ડેટા લેવામાં આવે છે તો સૌથી પહેલા તેની સંમતિ લેવી જરૂરી છે.

**અગાઉ આ બિલનો વિરોધ થયો હતો**

તમારી જાણકારી માટે તમને જણાવી દઈએ કે ગયા વર્ષે નવેમ્બરમાં જ સરકારે આ બિલનો ડ્રાફ્ટ રજૂ કર્યો હતો. તે ડ્રાફ્ટ પણ અગાઉના બિલને બદલીને રજૂ કરાયો હતો. હકીકતમાં, આ પહેલા પણ સરકારે ડેટા પ્રોડક્શનને લઈને બિલ લાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ વિપક્ષે અમુક સુધારાઓની માંગણી કરી હતી, આથી નવેસરથી આ બિલ તૈયાર કરવામાં આવ્યું છે.

# મુસ્લિમ ધર્મગુરૂ અલ-ઈસા ભારતની મુલાકાતે આવશે

## ક્રાઉન પ્રિન્સનો 'જમણો હાથ' તરીકે ઓળખાય છે મુસ્લિમ ધર્મગુરૂ અલ-ઈસા



નવીદિલ્હી,તા.૧૦
મુસ્લિમ વર્લ્ડ લીગના મહાસચિવ મોહમ્મદ બિન અબ્દુલ કરીમ અલ-ઈસા આવતા અઠવાડિયે ભારતની મુલાકાતે છે. મુસ્લિમ વર્લ્ડ લીગ સાઉદી અરેબિયાના પવિત્ર શહેર મક્કામાં હાજર મુસ્લિમોનું એક પ્રભાવશાળી સંગઠન છે. મોહમ્મદ બિન અબ્દુલ કરીમ અલ-ઈસા તેમની ભારત મુલાકાત પર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલને મળશે. અલ-ઈસા ૧૦ જુલાઈએ નવી દિલ્હી પહોંચશે અને તેજ સાંજે દ્રજીછને મળશે. તે જ સમયે, ૧૧ જુલાઈએ સવારે ૧૧ વાગ્યે, તેઓ ઈન્ડિયા ઈસ્લામિક કલ્ચરલ સેન્ટરમાં પણ લોકોને સંબોધિત કરવાના છે. આ દરમ્યાન NSA ડોભાલ પણ હાજર રહેશે. મુસ્લિમ વર્લ્ડ લીગ એક આંતરરાષ્ટ્રીય એનજીઓ છે, જેની સ્થાપના ૧૯૬૨માં થઈ હતી. તેનો હેતુ સમગ્ર વિશ્વમાં ઈસ્લામનો પ્રચાર કરવાનો છે, જેથી વિશ્વ આ ધર્મને વધુ સારી રીતે સમજી શકે. મુસ્લિમ વર્લ્ડ લીગનું મુખ્યાલય સાઉદી અરેબિયાના સૌથી પવિત્ર શહેર મક્કામાં છે. આ સિવાય સમગ્ર વિશ્વમાં મુસ્લિમ વર્લ્ડ લીગની ઓફિસો આવેલી છે. મુસ્લિમ વર્લ્ડ લીગને વિશ્વમાં મુસ્લિમોની સૌથી પ્રભાવશાળી સંસ્થા તરીકે જોવામાં આવે છે. મોહમ્મદ અલ-ઈસા મુસ્લિમ લીગના વડા છે. તેઓ સાઉદી અરેબિયાના ન્યાય પ્રધાન પણ રહી ચૂક્યા છે. તેઓ માત્ર મુસ્લિમોના સંગઠનનું જ નેતૃત્વ કરતા નથી, પરંતુ તેઓ માનવતાની ભલાઈ માટે કામ કરતી સંસ્થા 'સેન્ટર ફોર રિસ્પોન્સિબલ લીડરશિપ'ના અધ્યક્ષ પણ છે. મોહમ્મદ અલ-ઈસાને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનનો જમણો હાથ માનવામાં આવે છે. તે માત્ર ઈસ્લામ, શરિયા, હદીસ અને તમામ મહત્વપૂર્ણ ઈસ્લામિક પુસ્તકોનું જ્ઞાન ધરાવનાર વ્યક્તિ નથી, પરંતુ તેની પાસે ઘણી ડિગ્રીઓ પણ છે. મ્છની ડિગ્રી મેળવવા ઉપરાંત, તેમણે 'ઈમામ મોહમ્મદ બિન સાઉદી ઈસ્લામિક યુનિવર્સિટી'માંથી PhD પણ કર્યું છે. ૨૦૧૬ માં, જ્યારે મોહમ્મદ અલ-ઈસાને મુસ્લિમ વર્લ્ડ લીગના વડા બનાવવામાં આવ્યા હતા, ત્યારે તે અચાનક આંતરરાષ્ટ્રીય હેડલાઈન બની ગયા હતા. તેને ક્રાઉન પ્રિન્સના ખૂબ જ નજીકનો માનવામાં આવે છે. મોહમ્મદ અલ-ઈસાની છબી એક મધ્યમ મુસ્લિમ ધાર્મિક નેતા તરીકેની છે. એવું કહેવાય છેકે તે સાઉદી અરેબિયાની મધ્યમ છબી બનાવવા માટે ક્રાઉન પ્રિન્સની યોજનાને આગળ વધારવા માટે કામ કરી રહ્યો છે.

# ચીન પણ સમજી ગયું છે કે તિબેટીયન લોકોની ભાવના કેટલી મજબૂત છે : દલાઈ લામા



હિમાચલ પ્રદેશ, તા.૧૦
તિબેટના ધાર્મિક નેતા દલાઈ લામાએ કહ્યું છે કે ચીન અલગ અલગ રીતે તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમનું કહેવુંછે કે તેઓ ચીન સાથે વાતચીત માટે તૈયાર છે. ચીન પણ સમજી ગયું છે કે તિબેટીયન લોકોની ભાવના કેટલી મજબૂત છે. તિબેટીયન ગુરુએ એ પણ સ્પષ્ટ કર્યું કે છેલ્લા કેટલાક સમયથી તિબેટીયન લોકો પણ પોતાની આઝાદીની માંગણી નથી કરી રહ્યા, પરંતુ ચીનમાં રહીને પોતાના અધિકારોની માંગ કરી રહ્યા છે. દલાઈ લામાએ હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં આ વાત કહી છે. દલાઈ લામાના આ નિવેદનને ચીનના વધતા દબાણ અને આંતરરાષ્ટ્રીય વિશ્વ તરફથી મળી રહેલા સક્રિય સમર્થન ન મળવાના પરિણામ તરીકે જોવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તિબેટના આધ્યાત્મિક નેતા દલાઈ લામા સાથે ૬ જુલાઈના રોજ તેમના ૮૮માં જન્મદિવસ પર વાત કરી હતી અને દલાઈ લામાના લાંબા આયુષ્ય માટે તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. ગલવાન કેસ પછી આ સતત ત્રીજું વર્ષ છે, જ્યારે વડાપ્રધાન મોદીએ દલાઈ લામાને તેમના જન્મદિવસ પર અભિનંદન પાઠવ્યા છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીએ પણ દલાઈ લામાના જન્મદિવસના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. છેલ્લા કેટલાક વર્ષોમાં તિબેટ અંગે ભારત સરકારનું વલણ પણ બદલાયું છે. વર્ષ ૨૦૧૪થી, વન ચાઈના નીતિ પર ભારત જાણીજોઈને મૌનને રહેવાને કારણે ચીનમાં ઘણી અસ્વસ્થતા છે. ભારત હવે ચીનના દાવાઓ માટે તેના સમર્થનને પુનરાવર્તિત કરતું નથી જેના હેઠળ ચીન તાઈવાન, તિબેટ અથવા અન્ય વિવાદિત વિસ્તારોને તેના હિસ્સા તરીકે દાવો કરે છે. ભારત અને ચીન વચ્ચે ૨૦૨૦ના સીમા વિવાદ બાદથી ભારતે વધુ આક્રમક વલણ અપનાવ્યું છે. તિબેટ ઉપરાંત તાઈવાન સાથે પણ ભારતના સંબંધોમાં તેજી આવી છે. ગયા અઠવાડિયે, તાઈવાને પણ દિલ્હી અને ચેન્નાઈ પછી મુંબઈમાં તેની નવી રાજદ્વારી કાર્યાલય ખોલવાની જાહેરાત કરી છે, જેથી કરીને બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધો મજબૂત થઈ શકે. તિબેટીયન લોકો માને છે કે ઐતિહાસિક રીતે તિબેટ એક સ્વતંત્ર પ્રદેશ છે. ૧૯૫૦માં ચીને પોતાનું નિયંત્રણ સ્થાપિત કરવા તિબેટ પર આક્રમણ કર્યું હતું. ત્યારથી તિબેટીયન લોકોનો સંઘર્ષ ચાલુ છે. તિબેટના ધાર્મિક નેતા દલાઈ લામા ૧૯૫૯માં ભારત આવ્યા હતા અને હિમાચલ પ્રદેશના ધર્મશાલામાંથી નિર્વાસિત તિબેટની સરકાર પોતાની સ્વાયત્તતા માટે લડી રહી છે. તિબેટના લોકોનો અહિંસક સંઘર્ષ સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કરવામાં સફળ રહ્યો છે, ત્યારે તિબેટ પ્રદેશમાં ચીન સરકારની દમનકારી કાર્યવાહી પણ સતત વધી રહી છે.

# રશિયા અને નાટો વચ્ચે સીધો મુકાબલો થશે ?

## NATO કોન્ફરન્સ ઉપર ટકેલી છે દુનિયાની નજર, સમિટનો એજન્ડા ચર્ચાનો વિષય



નવીદિલ્હી, તા.૧૦
યુરોપિયન દેશ લિથુઆનિયાની રાજધાની વિલ્નિયસમાં ૧૧-૧૨ જુલાઈના રોજ નાટો સંમેલન યોજાવા જઈ રહ્યું છે. નાટોના તમામ ૩૧ સભ્ય દેશોના વડાઓ સમિટમાં હાજરી આપે તેવી અપેક્ષા છે. વિલ્નિયસ કોન્ફરન્સમાં નાટો સામેના પડકારોનો સામનો કરવા અને નાટો સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે વિસ્તૃત ચર્ચા થશે અને કેટલાક મોટા નિર્ણયો લેવામાં આવશે. નાટોનો હેતુ તેના સભ્ય દેશોના જળ, જમીન, આકાશ અને સાયબર સ્પેસને સુરક્ષા આપવાનો છે. રશિયા-યુક્રેન યુદ્ધમાં ભવિષ્યના જોખમોને સમજીને, નાટો તેની સુરક્ષાને મજબૂત કરવામાં વ્યસ્ત છે. નાટોની કલમ ૫ મુજબ, જો કોઈ દેશ નાટોના કોઈપણ સભ્ય દેશ ઉપર હુમલો કરે છે, તો તે નાટો પર હુમલો માનવામાં આવશે અને નાટોના તમામ દેશો તેની સામે એકસાથે મુકાબલો કરશે. ૨૦૧૪માં ક્રિમીઆના રશિયા સાથે જોડાણ પછી, નાટો તેના દળોને ગોઠવવાનો પ્રયાસ કરી રહ્યું છે. યુક્રેન ઉપરાંત સ્વીડન, ફિનલેન્ડ જેવા રશિયાના ઘણા પડોશી દેશોએ પણ નાટોના સભ્યપદ માટે અરજી કરી છે. આ દેશો ઈચ્છે છે કે તેમને જલદી નાટોની સુરક્ષા છત્ર હેઠળ લેવામાં આવે. યુક્રેનને નાટો કોન્ફરન્સમાંથી ઘણી આશાઓ હતી, પરંતુ નાટો કોન્ફરન્સથી યુક્રેન નિરાશ થવા જઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. યુક્રેનની માંગ છે કે આ વખતની નાટો કોન્ફરન્સમાં તેને સભ્ય બનાવવાની પ્રક્રિયાને ગંભીરતાથી આગળ વધારવામાં આવે. આખરે, નાટોના સભ્ય બનવાની યુક્રેનની ઈચ્છાએ તેને રશિયા સાથેના ભીષણ યુદ્ધમાં ધકેલી દીધું છે. નાટોના સભ્ય દેશોનું કહેવું છે કે જ્યાં સુધી આ યુદ્ધ ચાલુ છે, ત્યાં સુધી નાટોના નિયમો અનુસાર યુક્રેનને નાટોનું સભ્ય બનાવી શકાય નહીં. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમીર ઝેલેન્સ્કી નાટો સમિટ પહેલા છેલ્લી ઘડી સુધી યુક્રેન માટે કંઈક નક્કર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. યુક્રેનની અંદરથી રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી અને તેમની ટીમ ઉપર ઘણું દબાણ છે. આ બધું ગુમાવ્યા પછી પણ યુક્રેન આજે જે માટે લડી રહ્યું છે તે મેળવી શક્યું નથી. ઝાલેન્સ્કીએ તો ધમકી આપી હતી કે યુક્રેન નાટો કોન્ફરન્સમાં ભાગ નહીં લે. નાટોના મહાસચિવ જેન્સ સ્ટોલ્ટનબર્ગે કહ્યું છે કે વિલ્નિયસ કોન્ફરન્સમાં જે નિર્ણય લેવામાં આવશે તે યુક્રેનને નાટોની નજીક લાવી શકે છે. રશિયાનું માનવું છે કે નાટો રશિયાને તોડવા માંગે છે, તેથી તે રશિયાને ચારે બાજુથી ઘેરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધની શરૂઆત પછી પણ નાટોનો વિસ્તરણ કાર્યક્રમ ચાલુ છે. નાટો દ્વારા યુક્રેનને ખુલ્લેઆમ આપવામાં આવી રહ્યું છે. લશ્કરી મદદ ઉપરાંત, નાટો રશિયાના અન્ય સરહદી દેશોમાં તેના સૈન્ય મથકો સ્થાપિત કરી રહ્યું છે. નાટોએ ઉત્તરમાં બાલ્ટિક સમુદ્રથી દક્ષિણમાં કાળા સમુદ્ર સુધી એસ્ટોનિયા, લાતવિયા, લિથુઆનિયા, પોલેન્ડ, બલ્ગેરિયા, હંગેરી, રોમાનિયા અને સ્લોવાકિયા કુલ આઠ દેશોમાં જમીન ઉપર તેના બહુરાષ્ટ્રીય યુદ્ધ જૂથોને તૈનાત કર્યા છે. નાટો તરફથી સતત સંયુક્ત દાવપેચ કરવામાં આવી રહ્યા છે. નાટોની આ સક્રિયતાને રશિયા પોતાના પર હુમલાની તૈયારી તરીકે લઈ રહ્યું છે અને નાટો સાથે સંભવિત યુદ્ધ માટે રશિયામાં જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે.

# ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કર્યું એલાન

## ચીનની સેના યુદ્ધ માટે તૈયાર રહે : શી જિનપિંગ

નવીદિલ્હી,તા.૧૦
ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે ગુરુવારે ચીનના સાર્વભૌમત્વ અને ક્ષેત્રની રક્ષા કરવા માટે સૈનિકોને આહ્વાન કર્યું હતું. જિનપિંગે ચીનના સૈનિકોને યુદ્ધની રણનીતિ બનાવવા અને યુદ્ધને જીતવા માટેની યોજના પર કામ કરવા કહ્યું હતું. શી જિનપિંગે ચીનના ઈસ્ટર્ન થિયેટર કમાન્ડના પ્રવાસે હતા. આ મુલાકાત દરમિયાન તેમણે સૈનિકોને સંબોધિત કરતા કહ્યુ કે, દુનિયા ઉથલપાથલ અને પરિવર્તનના નવા યુગમાં પ્રવેશી છે. ચીનની સુરક્ષા સ્થિતિ વધારે અનિયમિત અને અસ્પષ્ટ બની છે. ચીનમાં આવેલો જિયાંગ્સૂ વિસ્તાર પૂર્વી થિયેટર કમાન્ડના મુખ્ય મથક તરીકે કાર્ય કરે છે. પૂર્વી થિયેટર કમાન્ડ તાઈવાન જલડમરૂમધ્ય અને પૂર્વ ચીન સાગર સહિત સમગ્ર પૂર્વ ચીનમાં સુરક્ષા માટે જવાબદાર છે. રાષ્ટ્રપતિ શી જિનપિંગે તેમની સેનાને લોખંડની દિવાલમાં ફેરવવા અને દેશની સુરક્ષા કરવાનો આગ્રહ કર્યો હતો. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે, ચીને તાઈવાન પર બાહ્ય હસ્તક્ષેપને નકારી કાઢવા જોઈએ. ચીને સતત તાઈવાન પર પોતાનો દાવો કરી રહ્યુ છે. આ ઉપરાંત તેનાથી આગળ ચીને અમેરિકન રાજદ્વારીઓને તાઈવાનના નેતાઓ સાથે વાત ન કરવા માટે પણ કહ્યુ છે. તેનું કારણ એ છે કે ચીન કોઈપણ વાતચીતને તાઈવાનની સ્વતંત્રતાના સમર્થન સાથે જોડે છે. ગયા વર્ષેજી સંસદના સ્પીકર નેન્સી પેલોસીની તાઈવાન યાત્રા પછી ચીને તાઈવાન બોર્ડર નજીક યુદ્ધાભ્યાસ કર્યો હતો. આ દરમિયાન ચીને ફાયરિંગ કરી અને રોકેટ પણ છોડ્યા હતા. ચીન પહેલાથી જ કહેતું આવ્યું છે કે, જો જરૂર પડશે તો તેઓ તાઈવાન સામે બળપ્રયોગ કરવા પણ તૈયાર છે. વર્ષ ૨૦૦૫માં પસાર થયેલા એક કાયદાને કારણે, ચીનને તાઈવાનને અલગ થવા પર કે તેની તૈયારી માટે સેનાનો ઉપયોગ કરવાનો અધિકાર છે. રાષ્ટપતિ શી જિનપિંગ દ્વારા આ વાત ત્યારે કરવામાં આવી જ્યારે અમેરિકાના નાણા મંત્રી જેનેટ યેલેન તણાવ ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે વાતચીત માટે ચીન પહોંચ્યા છે. રાષ્ટપતિ શી જિનપિંગે કહ્યુ કે, આપણે રાજકીય દ્રષ્ટિકોણથી લશ્કરી મુદ્દાઓને વિચારવા અને સંભાળવાનું ચાલુ રાખવું જોઈએ.

# શાહબાનો કેસ જેવી ભૂલ દોહરાવતી કોંગ્રેસ

બંધારણને લાગુ થયાના ૭૩ વર્ષ બાદ આજે જે સમાન નાગરિક સંહિતાને લાવવાની પહેલ થઈ રહી છે, તેની ચર્ચા સ્વતંત્રતા પહેલાં જ શરૂ થઈ ગઈ હતી. ભારતના અલગ-અલગ સમુદાયોના વિવાહ, ઉત્તરાધિકાર સંબંધી પર્સનલ કાયદાને એક સમાન બનાવવાની પહેલ અંગ્રેજ સરકારે કરી હતી. એ પહેલમાં હિંદુ સમાજના કેટલાક સુધારવાદી નેતા પણ સામેલ હતા. તેમાં મુખ્ય હતા રાજા રામમોહન રાય. તેમના પછી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે સમાજ સુધારની કમાન પોતાના હાથમાં લીધી. ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ બાદ જ્યારે અંગ્રેજી સત્તાએ ભારતનું શાસન સંપૂર્ણ રીતે પોતાના હાથમાં લઈ લીધું તો તેમણે ઝડપથી નવા-નવા કાયદા બનાવવાનું શરૂ કરી દીધું. તેને લઈને સ્પેશ્યલ મેરેજ એક્ટ પણ બન્યો અને વિવાહ યોગ્ય ઉંમર નિર્ધારણ સંબંધી કાયદો પણ. સ્ત્રી ધન સંબધી પણ એક કાયદો બન્યો. પારિવારિક બાબતોને લઈને જે કાયદા બન્યા, તે મોટાભાગે હિંદુ સમાજ માટે બન્યા, કારણ કે કેટલાય હિંદુ સુધારવાદી તેની તરફદારી કરી રહ્યા હતા. મુસ્લિમ સમાજના નેતા પોતાના અંગત કાનૂનોમાં સંશોધન-પરિવર્તન પ્રત્યે અનિચ્છુક અને અડગ હતા, તેથી અંગ્રેજોએ તેમને નહિ છેડવાનો જ નિર્ણય લીધો. કદાચ તેનું ક કારણ એ પણ રહ્યું કે તેઓ હિંદુઓ અને મુસલમાનો વચ્ચેની ખાઈ પહોળી કરવા માંગતા હતા.

જેમ જેમ સ્વતંત્રતાનો સમય નજીક આવવા લાગ્યો, હિંદુઓના અંગત કાયદાઓમાં સુધારની પહેલ પણ વેગવાન બનવા લાગી. મુસ્લિમ સમાજના નેતા એવી કોઈપણ પહેલના વિરોધમાં હતા. તેમણે અંગ્રેજો પર દબાણ પણ બનાવ્યું. તેના પરિણામે ૧૯૩૭માં અંગ્રેજોએ શરિયત એક્ટ પાસ કર્યો. તેનો મતલબ હતો કે મુસલમાન સદીઓ જૂની શરિયતના હિસાબે જ ચાલશે. જ્યારે આઝાદીનો સમય વધુ નજીક આવ્યો તો ડો.ભીમરાવ આંબેડકરે સમાન નાગરિક સંહિતાની તરફદારી કરવાનું શરૂ કરી દીધું. આખરે આઝાદી મળી અને બંધારણ સભા બની. બંધારણ સભામાં સમાન નાગરિક સંહિતાની પહેલ એટલા માટે આગળ ન વધી શકી, કારણ કે કટ્ટરપંથી મુસ્લિમ નેતા પોતાના સમાજના ખાનગી કાયદાઓમાં બદલાવ માટે તૈયાર ન થયા. તેનાથી વિપરીત હિંદુ સમાજના અનેક નેતા એમ માનતા હતા કે મહિલાઓને બરાબરીનો અધિકાર આપવો જરૂરી છે. આ કારણે હિંદુ કોડ બિલની ચર્ચા આગળ વધી. ડો.આંબેડકર હિંદુ કોડ બિલના સૌથી મોટા સમર્થક હતા. તેમનો સાથ આપ્યો જવાહરલાલ નેહરુએ. જોકે કોંગ્રેસના કેટલાય મોટા નેતા હિંદુ કોડ બિલના પક્ષમાં ન હતા, જેમ કે રાજેન્દ્ર પ્રસાદ, જે.બી. કૃપાણી અને પુરૂષોત્તમ દાસ ટંડન. જનસંઘ સહિત વિરોધ પક્ષોના કેટલાય નેતાઓને પણ એના પર વાંધો હતો કે માત્ર હિંદુ સમાજના અંગત કાયદાઓને જ કેમ બદલવામાં આવે છે? તેમનું જોર હતું કે હિંદુ કોડ બિલને બદલે સમાન નાગરિક સંહિતા લાવવામાં આવે અને તેના દાયરામાં બધા સમુદાય આવવા જોઈએ. સમાન નાગરિક સંહિતાના પક્ષમાં માહોલ નહિ બનવાને કારણે બંધારણના નીતિ નિર્દેશક તત્ત્વોમાં એ લખવામાં આવ્યું કે રાજ્ય દેશની જનતા માટે એવી સંહિતાનું નિર્માણ કરશે.

જ્યારે બંધારણ સભાએ સંસદનું રૂપ લીધું ત્યારે વચગાળાની સરકારના કાયદા મંત્રી બન્યા ડો.આંબેડકર. તેમનું માનવું હતું કે સમાજને સબળ બનાવવો હોય તો મહિલાઓને બરાબરના અધિકાર આપવા પડશે અને હિંદુ સમાજની સામાજિક કુરીતિઓને પણ દૂર કરવી પડશે. નેહરુ તેમની સાથે હતા. જ્યારે કોંગ્રેસની અંદર અને બહાર હિંદુ કોડ બિલનો વિરોધ વધ્યો અને નેહરૂને સમજાવવામાં આવ્યું કે હજુ તમે ચૂંટાયેલી સરકારના વડાપ્રધાન નથી અને એવામાં એટલો મોટો નિર્ણય ન લઈ શકો, તો તેમણે ચૂંટણી બાદ આ મામલે આગળ વધવાનો નિર્ણય લીધો. તેનાથી નારાજ થઈને ડો.આંબેડકરે કાયદા મંત્રીના પદ પરથી રાજીનામું આપી દીધું, કારણ કે તેઓ હિંદુ કોડ બિલ ઉપર કોઈ સમજૂતી કરવા તૈયાર ન હતા.

૧૯૫૧-૫૨માં પહેલી સામાન્ય ચૂંટણી થઈ. નેહરૂએ ત્યારે છાતી ઠોકીને કહ્યું કે જો તે સત્તામાં આવે છે તો હિંદુ કોડ બિલ લઈને આવશે. ચૂંટણીમાં પણ તેમનો વિરોધ ચાલુ રહ્યો. તેઓ ફૂલપુરથી ચૂંટણી લડી રહ્યા હતા. ત્યાં પણ તેમના વિરુદ્ધ એ પ્રચાર કરવામાં આવ્યો કે તેઓ હિંદુ કોડ બિલ લાવીને હિંદુ સમાજની પરંપરાઓને નષ્ટ કરવા માંગે છે. અનેક સાધુ-સંત પણ હિંદુ કોડ બિલને કારણે નેહરૂનો વિરોધ કરી રહ્યા હતા. કેટલાય સંત તો તેમને શાસ્ત્રાર્થ કરવાનો પડકાર આપી રહ્યા હતા અને એવા પ્રશ્ન પૂછી રહ્યા હતા કે ક્યાં લખ્યું છે કે હિંદુ પુરષ કોઈપણ પરિસ્થિતિમાં બીજો વિવાહ ન કરી શકે? નેહરુ ટસથી મસ ન થયા. તેમને ભારે બહુમતી મળી અને પછી તેમણે હિંદુ કોડ બિલ લાવવાનું કામ શરૂ કર્યું. જોકે તેમની પાસે પ્રબળ બહુમતી હતી, પરંતુ હિંદુ કોડ બિલનો વિરોધ ચાલુ હતો. તેને જોતાં તેમણે આ બિલના ચાર ભાગ પાડ્યા અને ૧૯૫૫-૫૬માં તેમને અલગ-અલગ પસાર કરાવ્યા. આ રીતે હિંદુ સમાજમાં સુધારની એક મોટી પહેલ થઈ. આ બિલોને પસાર થવામાં ડો.આંબેડકરની સીધી ભૂમિકા તો ન હતી કારણ કે તેઓ ત્યારે મંત્રી ન હતા, પરંતુ તેઓ ન હોત તો કદાચ સામાજિક સુધારનું આટલું મોટું કામ ન થઈ શક્યું હોત.

એ જોવું દુઃખદ છે કે નેહરૂનાં ગુણગાન કરનારી આજની કોંગ્રેસે સમાન નાગરિક સંહિતા મામલે ઘોર સ્ત્રીવિરોધી અને પ્રતિગામી વલણ અપનાવ્યું છે. તે જાતજાતનાં બહાનાં બનાવીને અને કુતર્ક આપીને એ જ કામ કરી રહી છે જે નેહરૂના સમયમાં કેટલાક પુરાતનપંથી કરી રહ્યા હતા. શરમની વાત એ છે કે આજની કોંગ્રેસ એવું સાહસ દેખાડવાથી બચી રહી છે, જેવું નેહરુએ હિંદુ કોડ બિલ લાવીને દેખાડ્યું હતું. એ રીતે કોંગ્રેસ ફરીથી શાહબાનો કેસ જેવી જ ભૂલ કરવા જઈ રહી છે.

